સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **38**

[SEPTEMBER - 2023]
[17/09/23 to 23/09/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

**17 SEP.-2023**


- દિવસ મહિમા : 17 સપ્ટેમ્બર, વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patient Safety Day) ........ 02
- 'આયુષ્માન ભવ' અભિયાન (Ayushman Bhava Campaign) ........ 02
- વરૂણ 2023 : ભારત-ફ્રાન્સ દ્વિપક્ષીય નૌકા કવાયત ........ 04
- QUESTION ANSWERS ........ 05


**18 SEP.-2023**


- દિવસ મહિમા : 18 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ, વિશ્વ વાંસ દિવસ ........ 06
- એશિયા કપ 2023 : ભારત આઠમી વખત એશિયા કપ ચેમ્પિયન ........ 06
- IRS અધિકારી શ્રી રાહુલ નવીનને EDના કાર્યકારી ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ........ 08
- ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર લીગલ મેટ્રોલોજી (OIML) ........ 10
- હૈદરાબાદ મુક્તિ દિવસ ........ 11
- QUESTION ANSWERS ........ 12


**19 SEP.-2023**


- યશોભૂમિ કન્વેન્શન સેન્ટરનું ઉદ્‌ઘાટન ........ 14
- India-middle East-Europe Economic Corridor (IMEC) ........ 14
- પી.એમ. વિશ્વકર્મા યોજના ........ 18
- QUESTION ANSWERS ........ 20


**20 SEP.-2023**


- ભારતની 41મી વર્લ્ડ હેરિટેજ સાઈટ : શાંતિનિકેતન ........ 21
- ભારતની 42મી વર્લ્ડ હેરિટેજ સાઈટ : હોયસલા મંદિરો ........ 23
- QUESTION ANSWERS ........ 27


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**21 SEP.-2023**


- દિવસ મહિમા : 21 સપ્ટેમ્બર, વિશ્વ શાંતિ દિવસ, વિશ્વ અલ્ઝાઈમર દિવસ ........ 28
- 'ઉડાન ભવન'નું ઉદ્‌ઘાટન ........ 29
- નોર્મન બોર્લોગ એવોર્ડ 2023 ........ 30
- QUESTION ANSWERS ........ 31


**22 SEP.-2023**


- દિવસ મહિમા : 22 સપ્ટેમ્બર, વિશ્વ કાર મુક્ત દિવસ, વિશ્વ ગુલાબ દિવસ, વિશ્વ ગેંડા દિવસ ........ 32
- સંસદનું વિશેષ સત્ર અને નવા સંસદભવનમાં પ્રથમ બેઠક ........ 33
- જૂના સંસદ ભવનનું નામ બદલીને 'સંવિધાન સદન' કરવામાં આવ્યું ........ 34
- સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા રિપોર્ટ 2023 ........ 35
- QUESTION ANSWERS ........ 37


**23 SEP.-2023**


- દિવસ મહિમા : 23 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ ........ 39
- ઓમકારેશ્વરમાં આદિ શંકરાચાર્યની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ ........ 39
- QUESTION ANSWERS ........ 42

ONE LINER ........ 43

QUESTION OF THIS WEEK ........ 48


GPSCની તૈયારી માટેનું 10 મુખ્ય વિષયના કુલ 575+ ટોપિક સહિતનું કરંટ અફેર્સ
ICE® MIRACLES
MIRACLES
EXCLUSIVE FOR GPSC
Dy.SO Special Issue
6 મહિનાનું કરંટ અફેર્સ
(એપ્રિલથી સપ્ટેમ્બર 2023)
નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન
ભારતનો સ્વતંત્રતા દિવસ
વિશેષતા :
Dy.S..O માટે પરીક્ષામાં પૂછાતા કરંટ અફેર્સના પ્રશ્નોના ગહન એનાલિસિસ બાદ તજજ્ઞો દ્વારા તૈયાર થયેલું મેગેઝિન.
PIB, THE HINDU, INDIAN EXPRESS, CMO GUJARAT, GUJARAT INFORMATION અને INDIAN ECONOMYનું 360ડિગ્રી કવરેજ અને એ પણ ગુજરાતી ભાષામાં જ.
GPSCના અનુભવી અને નિષ્ણાંત લેખકો દ્વારા તૈયાર થતું પરીક્ષાલક્ષી ટુ ધી પોઈન્ટ ફ્રી ઈ-મેગેઝીન.
COMING SOON
Dy.S.O SPECIAL ISSUE ફ્રી
www.iceonline.in | t.me/icerajkotofficial


Join Our Telegram Channel

## દિવસ મહિમા : 17 સપ્ટેમ્બર, વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patient Safety Day)




સમગ્ર વિશ્વમાં દર્દીઓની સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે 17 સપ્ટેમ્બરના રોજ WHO દ્વારા 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- મે 2019 દરમિયાન યોજાયેલી 72મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં દર વર્ષે 17 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 17 સપ્ટેમ્બર, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દર્દી સલામતી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

## 'આયુષ્માન ભવ' અભિયાન (Ayushman Bhava Campaign)




યુનિવર્સલ હેલ્થ કવરેજ (UHC) હાંસલ કરવા અને તમામ માટે આરોગ્ય સંભાળ સુનિશ્ચિત કરવાના એક પગલાં તરીકે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ વર્ચ્યુઅલ રીતે 'આયુષ્માન ભવ અભિયાન' અને 'આયુષ્માન ભવ પોર્ટલ'ની શરૂઆત કરી હતી.

- આ પહેલનો ઉદ્દેશ્ય તમામ માટે આરોગ્ય સેવાઓની સુલભતા સુનિશ્ચિત કરવાનો છે અને તેની પહોંચ અને ઓછી સેવા ધરાવતી વસતી સુધી પોષણક્ષમતા મજબૂત કરવાનો છે.
- આ અભ્યાસ આરોગ્યસંભાળની પહોંચ વધારવા માટે ભારતના ડિજિટલ સમાવેશના પ્રયાસોનો લાભ લઈને મુખ્ય આરોગ્ય યોજનાઓ અને રોગો વિશે પણ જાગૃતિ લાવે છે.
- 'સેવા પખવાડા' દરમિયાન 'આયુષ્માન ભવ' અભિયાનને સમગ્ર દેશ અને સમગ્ર સમાજના વિઝન સાથે અમલમાં મૂકવામાં આવશે.

**નોંધ :** (1) સેવા પખવાડા એ બે અઠવાડિયા સુધી ચાલનાર લાંબી પહેલ છે, જે 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર, 2023 સુધી ચાલશે.

(2) જેનો હેતુ રાજ્ય–સ્તરના મુખ્ય આરોગ્યસંભાળ કાર્યક્રમો વિશે જાગૃતિ લાવવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતના આરોગ્યસંભાળ પરિદૃશ્ય પર આયુષ્માન ભવ અભિયાનનો પ્રભાવ

## યુનિવર્સલ હેલ્થ કવરેજ લક્ષ્ય

આ અભિયાન સહયોગી, બહુ–મંત્રાલયના અભિગમ પર આધારિત છે.

- આયુષ્માન ભવ 'સબકા સાથ, સબકા વિકાસ' ના આદર્શોને અનુરૂપ છે.
- તે સર્વસમાવેશકતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે સુનિશ્ચિત કરે છે કે દરેકને આરોગ્યસંભાળની એક્સેસ પ્રાપ્ત થઈ શકે.

## આયુષ્માન ભવના ત્રણ મુખ્ય ઘટકો

(1) **આયુષ્માન-આપકે દ્વાર (AAD) 3.0 :** તે પાત્ર લાભાર્થીઓને પોતાના/પરિવારના કોઈપણ સભ્ય માટે આયુષ્માન કાર્ડ બનાવવા માટે સક્ષમ બનાવશે.

- તે આરોગ્ય સંભાળની પહોંચ અને લાભોને સુવ્યવસ્થિત કરે છે.

(2) **HWC અને CHC ખાતે આયુષ્માન મેળા :**

- આરોગ્ય અને સુખાકારી કેન્દ્ર (HWC) અને કોમ્યુનિટી હેલ્થ ક્લિનિક્સ (CHC)માં સાપ્તાહિક આરોગ્ય મેળાઓ અને તબીબી શિબિરોનું આયોજન.
- બિન–ચેપી રોગો માટે સ્ક્રીનીંગ, ટેલી–કન્સલ્ટેશન, મફત દવાઓ અને નિદાન સહિત સુપર–સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓના વિતરણને પ્રાથમિકતા.

(3) **આયુષ્માન સભાઓ :**

- આયુષ્માન સભા એ સમુદાય–સ્તરની સભા છે, જેનું નેતૃત્વ ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામ્ય આરોગ્ય અને સ્વચ્છતા સમિતિ (VHSNC) અથવા શહેરી વોર્ડમાં વોર્ડ સમિતિ/મ્યુનિસિપલ સલાહકાર સમિતિ (MAC) દ્વારા કરવામાં આવે છે.
- તેનું પ્રાથમિક ધ્યેય વ્યાપક આરોગ્ય કવરેજ અને શ્રેષ્ઠ આરોગ્ય સેવા વિતરણ સુનિશ્ચિત કરવાનું છે.

## આયુષ્માન ગ્રામ પંચાયતો

આરોગ્ય સંભાળના ઉદ્દેશ્યો સફળતાપૂર્વક પૂર્ણ કરનારી ગ્રામ પંચાયતોને 'આયુષ્માન ગ્રામ પંચાયત'નો દરજ્જો આપવામાં આવશે.

- તે સ્થાનિક સહભાગિતા અને સમર્પણને પ્રોત્સાહિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વરૂણ 2023 : ભારત-ફ્રાન્સ દ્વિપક્ષીય નૌકા કવાયત



સમૃદ્ધ દરિયાઈ પરંપરાઓ અને વ્યૂહાત્મક સહયોગથી ભરપૂર ભારતીય અને ફ્રેન્ચ નૌકાદળોએ તાજેતરમાં 'વરૂણ નૌકા કવાયત' (અથવા વરૂણ-23)ની 21મી આવૃત્તિના બીજા તબક્કાનું સમાપન કર્યું હતું.

- અરબી સમુદ્રમાં આયોજિત આ કવાયત બંને દેશોની તેમની યુદ્ધ લડવાની ક્ષમતાઓને વધારવા, આંતરકાર્યક્ષમતા સુધારવા અને પ્રદેશમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ આપે છે.
- વરુણ-23 કવાયત ત્રણ દિવસ સુધી ચાલી હતી અને તેમાં ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ્સ, એક ટેન્કર, મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ અને ભારતીય તથા ફ્રેન્ચ નૌકાદળ બંનેના અભિન્ન હેલિકોપ્ટરની સક્રિય ભાગીદારી જોવા મળી હતી.
- આ મજબૂત સહયોગમાં સંયુક્ત કામગીરી, ચાલી રહેલી ભરપાઈ અને બંને નૌકાદળના કૌશલ્યને વધુ તીવ્ર બનાવવા માટે રચાયેલ વિવિધ વ્યૂહાત્મક દાવપેચનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
- ભારત અને ફ્રાન્સ વચ્ચેની દ્વિપક્ષીય નૌકા કવાયત 1993માં શરૂ કરવામાં આવી હતી.
- તેને 2001માં 'વરૂણ' નામ આપવામાં આવ્યું હતું અને તે ભારત–ફ્રાન્સ વ્યૂહાત્મક દ્વિપક્ષીય સંબંધોની ઓળખ બની ગયું છે.




**1.** 'વિશ્વ દર્દી સલામતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 સપ્ટેમ્બર (B) 16 સપ્ટેમ્બર (C) 17 સપ્ટેમ્બર (D) 18 સપ્ટેમ્બર

**(C)**

**2.** તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ વર્ચ્યુઅલ રીતે 'આયુષ્માન ભવ અભિયાન'ની શરૂઆત કરી હતી. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ અભિયાનનો ઉદ્દેશ્ય તમામ માટે આરોગ્ય સેવાઓની સુલભતા સુનિશ્ચિત કરવાનો છે અને તેની પહોંચ અને ઓછી સેવા ધરાવતી વસતી સુધી પોષણક્ષમતા મજબૂત કરવાનો છે.
2. આ અભિયાન અંતર્ગત આરોગ્ય સંભાળના ઉદ્દેશ્યો સફળતાપૂર્વક પૂર્ણ કરનારી ગ્રામ પંચાયતોને 'આયુષ્માન ગ્રામ પંચાયત'નો દરજ્જો આપવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

**(C)**

**3.** તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે દ્વિપક્ષીય નૌકા કવાયત 'વરૂણ'નું આયોજન થયું હતું ?

(A) ફ્રાન્સ (B) સિંગાપોર (C) શ્રીલંકા (D) જાપાન

**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 18 સપ્ટેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ (International Equal Pay Day)
## (2) વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day)

### આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ

18 સપ્ટેમ્બર, 2023ના રોજ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.




- ખાસ કરીને મહિલાઓ અને પુરુષો વચ્ચે રહેલી પગારની અસમાનતા દૂર કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- સમગ્ર વિશ્વમાં મહિલાઓને પુરુષો કરતા વેતનમાં ઓછી ચૂકવણી કરવામાં આવે છે.
- આથી, પગારની અસમાનતા દૂર કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 15 નવેમ્બર, 2019ના રોજ દર વર્ષે 18 સપ્ટેમ્બરના રોજ આ દિવસ ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 18 સપ્ટેમ્બર, 2020ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એશિયા કપ 2023 : ભારત આઠમી વખત એશિયા કપ ચેમ્પિયન

તાજેતરમાં 30 ઓગસ્ટથી 17 સપ્ટેમ્બર 2023 દરમિયાન પાકિસ્તાન અને શ્રીલંકામાં એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.



- તે એશિયા કપની 16મી આવૃત્તિ હતી તથા આ ટુર્નામેન્ટ ODI–ફોર્મેટ (વન–ડે) તરીકે યોજાઈ હતી.
- જેમાં શ્રીલંકાને પરાજય આપીને ભારતે આ ટુર્નામેન્ટ આઠમી વખત જીતી લીધી છે.
- આ ટુર્નામેન્ટમાં ભારત, પાકિસ્તાન, નેપાળ, અફઘાનિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ એમ છ ટીમોએ ભાગ લીધો હતો.

## ફાઈનલ મેચ

ભારત અને શ્રીલંકા વચ્ચે એશિયા કપ 2023ની ફાઈનલ મેચ શ્રીલંકાના કોલંબો શહેરના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.

- જેમાં શ્રીલંકાની ટીમ ફક્ત 50 રનમાં ઓલઆઉટ થઈ હતી. જે ભારતે વિના–વિકેટે 51 રન કરી એશિયા કપ 2023 ટુર્નામેન્ટ જીતી લીધી હતી.
- ફાઈનલ મેચમાં ભારતીય ટીમના ફાસ્ટ બોલર શ્રી મોહમ્મદ સિરાજ પ્લેયર ઓફ ધ મેચ રહ્યા હતા.
- શ્રી મોહમ્મદ સિરાજે ફાઈનલ મેચમાં 6 વિકેટ ઝડપી હતી.

## એશિયા કપ 2023માં સૌથી વધુ રન

એશિયા કપ 2023માં સૌથી વધુ રન ભારતના ક્રિકેટર શ્રી શુભમન ગીલે ફટકાર્યા હતા.

- શ્રી શુભમન ગીલે એશિયા કપ 2023માં 302 રન ફટકાર્યા હતા.

## એશિયા કપ 2023માં સૌથી વધુ વિકેટ

એશિયા કપ 2023માં સૌથી વધુ વિકેટ શ્રીલંકાના શ્રી માથેશા પાથિરાનાએ ઝડપી હતી.

- શ્રી માથેશા પાથિરાનાએ એશિયા કપ ટુર્નામેન્ટ 2023માં કુલ 11 વિકેટ ઝડપી હતી.

## પ્લેયર ઓફ ધ સિરીઝ

એશિયા કપ 2023 ટુર્નામેન્ટમાં 'પ્લેયર ઓફ ધ સિરીઝ' ભારતના સ્પિન બોલર શ્રી કુલદીપ યાદવ બન્યા હતા.

નોંધ: (1) એશિયા કપ 2023ની વિજેતા ટીમ ભારતના કેપ્ટન શ્રી રોહિત શર્મા હતા.

(2) જ્યારે શ્રીલંકાની ટીમના કેપ્ટન શ્રી દાસુન શાનકા હતા.

(3) વન–ડે ફાઈનલમાં ભારતનો આ સૌથી મોટો વિજય હતો. ફાઈનલ મેચમાં ભારતના 263 બોલ બાકી રહ્યા હતા.

(4) પેસ બોલર શ્રી મોહમ્મદ સિરાજે પાકિસ્તાનના ભૂતપૂર્વ પેસ બોલર શ્રી વકાર યુનુસનો રેકોર્ડ તોડયો હતો.

(5) શ્રીલંકા વન–ડે ઈતિહાસની કોઈપણ ફાઈનલમાં લોએસ્ટ સ્કોર નોંધાવનાર ટીમ બની છે.

(6) કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમના ગ્રાઉન્ડ સ્ટાફને BCCIના સેક્રેટરી અને એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ શ્રી જય શાહે 50 હજાર અમેરિકન ડોલર (લગભગ 42 લાખ રૂપિયા) આપવાની જાહેરાત કરી હતી.

(7) આ ઉપરાંત ફાઈનલમાં મેન ઓફ ધ મેચ વિજેતા શ્રી મોહમ્મદ સિરાજે પણ તેની રકમ ગ્રાઉન્ડ સ્ટાફને અર્પણ કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એશિયા કપ

એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ વર્ષ 1984થી થયો હતો.

- સામાન્ય રીતે દર બે વર્ષે આ ટુર્નામેન્ટ યોજાય છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ આઠ વખત ભારતે આ ટુર્નામેન્ટ જીતી છે.
- ભારત બાદ શ્રીલંકાએ આ ટુર્નામેન્ટ છ વખત જીતી છે.
- વર્ષ 2014 સુધી આ ટુર્નામેન્ટ વન–ડે ફોર્મેટમાં યોજાતો હતો.
- ત્યારબાદ વર્ષ 2015માં એશિયન ક્રિકેટ કાઉન્સિલનું કદ ઘટાડયા પછી ICC દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે એશિયા કપ ઈવેન્ટ્સ આગામી વર્લ્ડ ઈવેન્ટ્સના ફોર્મેટના આધારે વન–ડે અને T-20 ફોર્મેટમાં રોટેશન આધારે રમાશે.
- વર્ષ 2016ની ઈવેન્ટ T-20 ફોર્મેટમાં રમાયેલી પ્રથમ ઈવેન્ટ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IRS અધિકારી શ્રી રાહુલ નવીનને EDના કાર્યકારી ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા



ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ 1993 બેચના ભારતીય મહેસુલ સેવા (IRS) અધિકારી શ્રી રાહુલ નવીનને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના કાર્યકારી ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે.

- શ્રી રાહુલ નવીન હાલમાં ED હેડકવાર્ટરમાં સ્પેશિયલ ડિરેક્ટર ચીફ વિજિલન્સ ઓફિસર તરીકે કામ કરી રહ્યા છે.
- EDના અગાઉના ડિરેક્ટર શ્રી સંજય કુમાર મિશ્રાનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ તેમની નિમણૂક કરવામાં આવી છે.
- શ્રી રાહુલ નવીન બિહારના વતની છે તથા 1993 બેચના ભારતીય મહેસુલ સેવા (IRS) અધિકારી છે.

## ED

EDનું પૂરું નામ 'Enforcement Directorate' છે.

- એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ED) એ નાણા મંત્રાલયના મહેસુલ વિભાગ હેઠળની એક વિશિષ્ટ નાણાકીય તપાસ એજન્સી છે.
- ભારત સરકારની અગ્રણી નાણાકીય તપાસ એજન્સી તરીકે ED ભારતના બંધારણ અને કાયદાઓનું કડક પાલન કરીને કાર્ય કરે છે.

- **1 મે, 1956**ના રોજ વિનિમય નિયંત્રણના કાયદાના ઉલ્લંઘનનો સામનો કરવા **ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, 1947** હેઠળ એક **'એન્ફોર્સમેન્ટ યુનિટ'**ની રચના કરવામાં આવી હતી.
- વર્ષ **1957**માં આ યુનિટનું નામ બદલીને **'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ'** કરવામાં આવ્યું હતું.
- **ED**નું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- **ED**નું નેતૃત્વ **એન્ફોર્સમેન્ટ ડિરેક્ટર** દ્વારા કરવામાં આવે છે.
- તેમાં IRS (ભારતીય મહેસુલ સેવાઓ), IPS (ભારતીય પોલીસ સેવાઓ) અને IAS (ભારતીય વહીવટી સેવાઓ) જેવા કે આવકવેરા અધિકારી, આબકારી અધિકારી, કસ્ટમ અધિકારી અને પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે.
- તેમનો કાર્યકાળ **બે વર્ષનો** છે પરંતુ **ત્રણ વાર્ષિક એક્સટેન્શન આપીને** ડિરેક્ટરનો કાર્યકાળ **બે થી પાંચ વર્ષ** સુધી વધારી શકાય છે.
- **ED** હાલમાં તેની વૈધાનિક સત્તાઓ 3 જુદા જુદા કાયદાઓમાંથી મેળવે છે :
  (1) ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 (FEMA)
  (2) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002 (PMLA)
  (3) ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ, 2018 (FEOA)

**નોંધ:** (1) મુંબઈ, ચેન્નાઈ, ચંદીગઢ, કોલકાતા અને દિલ્હી ખાતે EDના પાંચ પ્રાદેશિક કાર્યાલયો છે. જેનું નેતૃત્વ સ્પેશિયલ ડિરેક્ટર ઓફ એન્ફોર્સમેન્ટ કરે છે.

(2) ED ઉપરોક્ત ત્રણ કાયદા ઉપરાંત **'ફોરેન એક્સચેન્જ સંરક્ષણ અને દાણચોરીની પ્રવૃત્તિ નિવારણ અધિનિયમ, 1974' (COFEPOSA)** સાથે પણ કામ કરે છે.

(3) વર્ષ 2021માં ED અને CBIના ડિરેક્ટરોના કાર્યકાળમાં સુધારો કરવા માટે એક વટહુકમ દ્વારા 'દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ, 1946' અને 'સેન્ટ્રલ વિજિલન્સ કમિશન એક્ટ, 2003'માં સુધારો કરવામાં આવ્યો હતો.

(4) આ અંતર્ગત CBI અને EDના ડિરેક્ટરોની નિમણૂક પહેલા બે વર્ષના સમયગાળા માટે થઈ શકે છે. જોકે, જરૂરી હોય તો કાર્યકાળ વધુ ત્રણ વર્ષ માટે લંબાવી શકાય છે. વિસ્તૃત ત્રણ વર્ષની મુદત માટે ત્રણ અલગ–અલગ વાર્ષિક એક્સ્ટેન્શનની જરૂર પડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર લીગલ મેટ્રોલોજી (OIML)

તાજેતરમાં ભારત OIML (ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર લીગલ મેટ્રોલોજી) પ્રમાણપત્ર જારી કરી શકે તેવો 13મો દેશ બન્યો છે.

- ગ્રાહક બાબતોના વિભાગના લીગલ મેટ્રોલોજી વિભાગ હવે OIML પ્રમાણપત્ર જારી કરવા માટે અધિકૃત છે.

## લીગલ મેટ્રોલોજી શું છે ?

લીગલ મેટ્રોલોજી એ મેટ્રોલોજીની એક શાખાનો ઉલ્લેખ કરે છે જે વ્યાપારી વ્યવહારોમાં ચોકસાઈ, સુસંગતતા અને નિષ્પક્ષતાની ખાતરી કરવા માટે માપન અને માપન સાધનો સંબંધિત નિયમન અને કાયદા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને અન્ય ક્ષેત્રો જ્યાં માપ નોંધપાત્ર ભૂમિકા ભજવે છે.

- મેટ્રોલોજી એ માપન અને તેના ઉપયોગનું વિજ્ઞાન છે.
- લીગલ મેટ્રોલોજીનો પ્રાથમિક ઉદ્દેશ માપન માટે સ્પષ્ટ અને સમાન ધોરણો સ્થાપિત કરીને ઉત્પાદકો બંનેના હિતોનું રક્ષણ કરવાનો છે.

## OIML

OIMLનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર લીગલ મેટ્રોલોજી' છે.

- OIMLની સ્થાપના વર્ષ 1955માં કરવામાં આવી હતી અને તેનું મુખ્યમથક પેરિસમાં છે.
- તે આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ–સેટિંગ બોડી છે જે કાનૂની મેટ્રોલોજી સત્તાવાળાઓ અને ઉદ્યોગો દ્વારા ઉપયોગ માટે મોડેલ નિયમો, ધોરણો અને સંબંધિત દસ્તાવેજો વિકસાવે છે.
- તે ક્લિનિકલ થર્મોમીટર્સ, આલ્કોહોલ બ્રેથ વિશ્લેષક, રડાર ઝડપ માપવાના સાધનો, શિપ ટેન્ક અને બંદરોમાં મળી આવતા પેટ્રોલ ડિસ્પેન્સિંગ યુનિટ્સ જેવા માપવાના સાધનોના પ્રદર્શન પર રાષ્ટ્રીય કાયદાઓ અને નિયમનોને સુમેળ સાધવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- OIML-CS એ ડિજિટલ બેલેન્સ, ક્લિનિકલ થર્મોમીટર્સ વગેરે જેવા સાધનો માટે OIML પ્રમાણપત્રો અને તેના અનુરૂપ OIML પ્રકાર મૂલ્યાંકન/પરીક્ષણો અહેવાલો જારી કરવા અને ઉપયોગ કરવાની સિસ્ટમ છે.
- આંતરરાષ્ટ્રીય બજારમાં વજન અથવા માપનના વેંચાણ માટે OIML પેટર્ન મંજૂરી પ્રમાણપત્ર હોવું ફરજિયાત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતના સમાવેશ સાથે, OIML પ્રમાણપત્રો જારી કરવા માટે અધિકૃત દેશોની સંખ્યા વધીને 13 થઈ ગઈ છે.
- OIML પ્રમાણપત્રો જારી કરી શકે તેવા દેશોમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, સ્વિત્ઝર્લેન્ડ, ચીન, ચેક રિપબ્લિક, જર્મની, ડેનમાર્ક, ફ્રાન્સ, યુકે, જાપાન, નેધરલેન્ડ, સ્વીડન અને સ્લોવાકિયા છે.

નોંધ: (1) ભારત વર્ષ 1956માં OIMLનું સભ્ય બન્યું હતું. તેજ વર્ષે ભારતે મીટર કન્વેશન પર હસ્તાક્ષર કર્યા હતા.

(2) 1875નું મીટર કન્વેન્શન, જેને ઔપચારિક રીતે મીટર ટ્રીટી તરીકે ઓળખવામાં આવે છે, તે આંતરરાષ્ટ્રીય સંધિ છે જેના પર 20 મે, 1875ના રોજ ફ્રાન્સના પેરિસમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## હૈદરાબાદ મુક્તિ દિવસ



તાજેતરમાં 17 સપ્ટેમ્બરના રોજ 'હૈદરાબાદ મુક્તિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

- વર્ષ 2022માં દર વર્ષે 17 સપ્ટેમ્બરને હૈદરાબાદ મુક્તિ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ભારતીય સંઘમાં નિઝામના શાસન હેઠળના પૂર્વ હૈદરાબાદ રાજ્યના વિલીનીકરણને દર્શાવે છે.

### હૈદરાબાદનું ભારતમાં વિલિનીકરણ

હૈદરાબાદ એ નિઝામ દ્વારા શાસિત એક રજવાડુ હતું, જેણે બ્રિટિશ સાર્વભૌમત્વ સ્વીકાર્યુ હતું.

- હૈદરાબાદ, જૂનાગઢ અને કાશ્મીરની જેમ 15 ઓગસ્ટ, 1947ના રોજ આઝાદી પહેલા કે પછી ભારતમાં જોડાયું ન હતું.
- તેના શાસનનું ધ્યેય સ્વતંત્ર રહેવાનું અને તેની સેનાને મજબૂત કરવાનું હતું.
- હૈદરાબાદના નિઝામ ઓસ્માન અલીખાન તે સમયે સૌથી ધનિક વ્યક્તિ હતા.
- પરંતુ હૈદરાબાદમાં 85 ટકા વસતી હિન્દુ હતી. તેઓ ભારત સંઘમાં જોડાવા ઈચ્છતા હતા.
- કનૈયાલાલ મુનશીએ હૈદરાબાદના નિઝામ સાથે મધ્યસ્થી બની સમજાવ્યા પરંતુ નિઝામ દ્વારા ભારત સાથે જોડાણનો ઈનકાર કરતા સૈન્ય કાર્યવાહી કરવાનું નક્કી કર્યુ.
- આ સૈન્ય કાર્યવાહીને 'ઓપરેશન પોલો' નામ આપવામાં આવ્યું હતું.
- આ સૈન્ય કાર્યવાહી 'ઓપરેશન પોલો'નું નેતૃત્વ લેફ્ટનન્ટ જનરલ રાજેન્દ્રસિંહે લીધું હતું.
- 13 સપ્ટેમ્બર, 1948 થી 18 સપ્ટેમ્બર, 1948 સુધીના યુદ્ધ બાદ હૈદરાબાદે શરણાગતી સ્વીકારી અને હૈદરાબાદને નવેમ્બર, 1948માં ભારત સંઘમાં જોડવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય સમાન પગાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 19 સપ્ટેમ્બર — (C)

2. 'વિશ્વ વાંસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 19 સપ્ટેમ્બર — (C)

3. તાજેતરમાં 'એશિયા કપ 2023' (મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ)નું આયોજન થયું હતું. જેમાં કઈ ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) શ્રીલંકા (B) પાકિસ્તાન (C) અફઘાનિસ્તાન (D) ભારત — (D)

4. એશિયા કપ 2023માં ભારતે કોને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) પાકિસ્તાન (B) શ્રીલંકા (C) બાંગ્લાદેશ (D) અફઘાનિસ્તાન — (B)

5. એશિયા કપ 2023માં 'મેન ઓફ ધ સિરીઝ' અથવા તો 'પ્લેયર ઓફ ધ સિરીઝ' એવોર્ડ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી વાનિન્દુ હસરંગા (B) શ્રી શાદાબ ખાન

(C) શ્રી દાસુન શનાકા (D) શ્રી કુલદીપ યાદવ — (D)

6. ભારત એશિયા કપમાં કેટલી વખત ચેમ્પિયન બન્યું છે ?

(A) પાંચ (B) છ (C) સાત (D) આઠ — (D)

7. એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

(A) 1982 (B) 1984 (C) 1986 (D) 1988 — (B)

8. તાજેતરમાં EDના કાર્યકારી ડિરેક્ટર તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી રાહુલ નવીન (B) શ્રી અજય મિશ્રા

(C) શ્રી નવીન ત્યાગી (D) શ્રી અજય ભલ્લા — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. 'ED' (Enforcement Directorate) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે નાણા મંત્રાલયના મહેસુલ વિભાગ હેઠળની એક વિશિષ્ટ નાણાકીય તપાસ એજન્સી છે.

2. EDનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

3. EDના ડિરેક્ટરનો કાર્યકાળ એક વર્ષનો છે. પરંતુ તેને એક એક વર્ષ કરીને એમ બે એક્સ્ટેન્શન આપી શકાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(C)**

10. તાજેતરમાં ભારત OIML પ્રમાણપત્ર જારી કરી શકે તેવો 13મો દેશ બન્યો છે. આ OIML સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર લીગલ મેટ્રોલોજી' છે.

2. તેની સ્થાપના વર્ષ 1955માં કરવામાં આવી હતી.

3. તેનું વડું મથક ન્યુયોર્કમાં છે.

4. તે માપનના સાધનો પર રાષ્ટ્રીય કાયદાઓ અને નિયમનોને સુમેળ સાધવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(A)**

11. ભારત કયા વર્ષે OIML (ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર લીગલ મેટ્રોલોજી)નું સભ્ય બન્યું હતું ?

(A) 1942 (B) 1956 (C) 1961 (D) 1968 **(B)**

12. કયા દિવસના રોજ 'હૈદરાબાદ મુક્તિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 17 સપ્ટેમ્બર (B) 9 નવેમ્બર

(C) 9 ઓક્ટોમ્બર (D) 11 સપ્ટેમ્બર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યશોભૂમિ કન્વેન્શન સેન્ટરનું ઉદ્‌ઘાટન



17 સપ્ટેમ્બરના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અત્યાધુનિક કન્વેન્શન સેન્ટર 'યશોભૂમિ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- યશોભૂમિ એ દ્વારકા, દિલ્હીમાં એક અત્યાધુનિક સંમેલન કેન્દ્ર છે.
- 73000 ચોરસ મીટરમાં ફેલાયેલી 'યશોભૂમિ' વિશ્વની સૌથી મોટી MICE (મીટિંગ્સ, ઈન્સેન્ટિવ્સ, કોન્ફરન્સ અને એક્ઝિબિશન) અને દેશમાં સૌથી LED મીડિયા સુવિધાઓ ધરાવે છે.
- 11000 પ્રતિનિધિઓની ક્ષમતા સાથે તેમાં 15 કોન્ફરન્સ રૂમનો સમાવેશ થાય છે.
- જેમાં નવીન 6000 સીટનું ઓડિટોરિયમ અને 2000 મહેમાનો માટે ભવ્ય બોલરૂમનો સમાવેશ થાય છે.
- યશોભૂમિ ટકાઉપણું પ્રત્યે પણ નક્કર પ્રતિબદ્ધતા દર્શાવે છે કારણ કે તે 100 ટકા ગંદા પાણીના પુનઃઉપયોગની જોગવાઈઓ સાથે અત્યાધુનિક વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ સિસ્ટમથી સજ્જ છે. આ ઉપરાંત વરસાદી પાણીના સંગ્રહ માટે સજ્જ છે.
- યશોભૂમિને તેની પર્યાવરણને અનુકૂળ ડિઝાઈન માટે ગ્રીન સિટીઝ પ્લેટિનમ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## India-middle East-Europe Economic Corridor (IMEC)




તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ 18મી G20 સમિટમાં 'ભારત–મધ્ય–પૂર્વ–યુરોપ આર્થિક કોરિડોર' (India-middle-East-Europe Economic Corridor-IMEC) પ્રોજેક્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- તે ભારત માટે નોંધપાત્ર ભૌગોલિક રાજકીય અને આર્થિક અસરો ધરાવે છે.
- આ પ્રોજેક્ટ વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ (PGII) માટે ભાગીદારીનો એક ભાગ છે.
- PGII એ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોની વિશાળ માળખાકીય જરૂરિયાતોને સંબોધવા માટે મૂલ્ય આધારિત, ઉચ્ચ અસરવાળી અને પારદર્શક માળખાકીય ભાગીદારી છે.
- નોંધનીય છે કે PGII શરૂઆતમાં જૂન 2021માં યુકેમાં G7 સમિટ દરમિયાન રજૂ કરવામાં આવ્યું હતું.

## IMEC પ્રોજેક્ટ વિશે

**IMEC એ ભારત, મધ્યપૂર્વ અને યુરોપને જોડતો મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે.**




- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રેલવે અને દરિયાઈ માર્ગો સહિત પરિવહન કોરિડોરનું નેટવર્ક સ્થાપિત કરવાનો છે.
- IMECને ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ (BRI)ના પ્રતિભાવ તરીકે જોવામાં આવે છે, જે વૈકલ્પિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્ક પૂરું પાડે છે.
- સૂચિત IMECમાં રેલવે, શિપ–ટુ–રેલ નેટવર્ક અને કોરિડોર સુધી ફેલાયેલા રોડ ટ્રાન્સપોર્ટ રૂટનો સમાવેશ થશે જે બે કોરિડોર સુધી ફેલાયેલ હશે, એટલે કે :

  (1) પૂર્વી કોરિડોર : ભારતને અરેબિયન ગલ્ફ સાથે જોડે છે.

  (2) ઉત્તરીય કોરિડોર : ગલ્ફને યુરોપ સાથે જોડે છે.
- IMEC કોરિડોરમાં વીજળી કેબલ, હાઈડ્રોજન પાઈપલાઈન અને હાઈ–સ્પીડ ડેટા કેબલનો પણ સમાવેશ થશે.

## IMEC સ્થાપના માટે હસ્તાક્ષર કરનાર દેશ

ભારત, અમેરિકા, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, યુરોપિયન યુનિયન, ઈટાલી, ફ્રાન્સ અને જર્મની.

## જોડવામાં આવનાર પોર્ટ (બંદરો)

- ભારત : મુંદ્રા (ગુજરાત), કંડલા (ગુજરાત) અને જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ
- મધ્યપૂર્વ : યુએઈમાં ફૂજૈરાહ, જેબલ અલી અને અબુધાબી તેમજ સાઉદી અરેબિયામાં દમ્મામ અને રાસ અલ ખૈર બંદરો.

  રેલવે લાઈન ફૂજૈરાહ પોર્ટ (યુએઈ)ને સાઉદી અરેબિયા (ધુવાઈફાત અને હરાદ) અને જોર્ડન થઈને હાઈફા પોર્ટ (ઈઝરાયેલ)થી જોડશે.
- ઈઝરાયેલ : હાઈફા બંદર
- યુરોપ : ગ્રીસમાં પિરિયસ બંદર, દક્ષિણ ઈટાલીમાં મેસિના અને ફ્રાન્સમાં માર્સિલે

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્દેશ્ય

IMECનો ઉદ્દેશ્ય રેલ, માર્ગ અને દરિયાઈ માર્ગો સહિત ભારત, મધ્યપૂર્વ અને યુરોપને જોડતું વ્યાપક પરિવહન નેટવર્ક બનાવવાનો છે.

- તેનો હેતુ પરિવહન કાર્યક્ષમતા વધારવા, ખર્ચ ઘટાડવા, આર્થિક એકતા વધારવા, રોજગારી પેદા કરવા અને ગ્રીનહાઉસ ગેસ (GHG) ઉત્સર્જન ઘટાડવાનો છે.
- તે વેપાર અને જોડાણની સુવિધા દ્વારા એશિયા, યુરોપ અને મધ્યપૂર્વના એકીકરણને પરિવર્તિત કરવાની અપેક્ષા છે.

## મહત્ત્વ

પૂર્ણ થવા પર તે હાલના દરિયાઈ અને માર્ગ પરિવહનને પૂરક બનાવવા માટે ક્રોસ બોર્ડર રેલવે પરિવહન નેટવર્ક પ્રદાન કરશે.

## IMECની ભૌગોલિક રાજકીય અસરો

IMECની ભૌગોલિક રાજકીય અસરો નીચે મુજબ દર્શાવવામાં આવી છે :

**(1) ચીનના BRIને નિષ્ફળ બનાવવું :**

- IMECને યુરેશિયન પ્રદેશમાં ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI)ના સંભવિત કાઉન્ટર તરીકે જોવામાં આવે છે.
- તેનાથી ચીનના વધતા આર્થિક અને રાજકીય પ્રભાવને સંતુલિત કરવામાં મદદ મળી શકે છે, ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે ઐતિહાસિક રીતે મજબૂત સંબંધો ધરાવતા વિસ્તારોમાં.

**(2) સંસ્કૃતિઓમાં એકીકરણ :**

- આ પ્રોજેક્ટ ખંડો અને સંસ્કૃતિઓ વચ્ચેના જોડાણો અને એકીકરણને મજબૂત બનાવી શકે છે.

**(3) પાકિસ્તાનના ઓવરલેન્ડ કનેક્ટિવિટી વીટો પર કાબુ :**

- IMEC એ પાકિસ્તાનને બાયપાસ કરીને પશ્ચિમ સાથે ભારતની ઓવરલેન્ડ કનેક્ટિવિટી પર તેનો વીટો તોડયો, જે ભૂતકાળમાં સતત અવરોધ હતો.

**(4) અરબી દ્વીપકલ્પ સાથે વ્યૂહાત્મક જોડાણ :**

- આ કોરિડોર ટકાઉ જોડાણ સ્થાપિત કરીને અને આ ક્ષેત્રોના દેશો સાથે રાજકીય અને વ્યૂહાત્મક સંબંધોને વધારીને અરબી દ્વિપકલ્પ સાથે ભારતની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) આંતર-પ્રાદેશિક જોડાણ અને શાંતિને પ્રોત્સાહન આપવું :**

- IMEC પાસે આંતર–પ્રાદેશિક જોડાણને પ્રોત્સાહન આપવાની ક્ષમતા છે અને તે અરેબિયન દ્વીપકલ્પમાં રાજકીય તણાવ ઘટાડવામાં મદદ કરી શકે છે.

**(6) આફ્રિકામાં ભારતની વ્યૂહાત્મક ભૂમિકા :**

- ટ્રાન્સ–આફ્રિકન કોરિડોર વિકસાવવાની યુએસ અને EUની યોજનાઓને અનુરૂપ કોરિડોર મોડલ આફ્રિકા સુધી લંબાવી શકાય છે. જે આફ્રિકા સાથે તેના જોડાણ/સંબંધને મજબૂત કરશે.

## IMECની આર્થિક અસરો

IMECની આર્થિક અસરો નીચે મુજબ દર્શાવી છે :

**(1) અદ્યતન વ્યવસાય તકો :**

- IMEC ભારત માટે પ્રદેશો સાથે તેની વેપાર જોડાણ વધારીને આર્થિક વિકાસને વેગ આપવા માટે પરિવર્તનકારી તક રજૂ કરે છે.
- તે માર્ગ પરિવહનના સમયને મોટા પ્રમાણમાં ઘટાડી શકે છે, જે સુએઝ કેનાલ સમુદ્ર માર્ગ કરતા યુરોપ સાથેના વેપારને 40 ટકા ઝડપી બનાવે છે.

**(2) ઉત્તેજિત ઔદ્યોગિક વિકાસ :**

- આ કોરિડોર માલના અવરિત પરિવહન માટે એક કાર્યક્ષમ પરિવહન નેટવર્ક બનાવશે.
- તેનાથી ખાસ કરીને કોરિડોર સાથે જોડાયેલા વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસને વેગ મળશે કારણ કે કંપનીઓને કાચા માલ અને તૈયાર ઉત્પાદનોનું સરળ પરિવહન મળશે.

**(3) રોજગાર સર્જન :**

- સારી કનેક્ટિવિટીને કારણે આર્થિક પ્રવૃત્તિઓ વિસ્તરતી હોવાથી તમામ ક્ષેત્રોમાં રોજગારીની તકો વધશે.
- વેપારી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંબંધિત ઉદ્યોગોમાં વિસ્તરણ માટે રોજગારીને પ્રોત્સાહન આપવા માટે અકુશળ મજૂરની જરૂર પડશે.

**(4) ઊર્જા સુરક્ષા અને સંસાધન એક્સેસ :**

- આ કોરિડોર સુરક્ષિત ઊર્જા અને સંસાધન પુરવઠાની સુવિધા આપી શકે છે, ખાસ કરીને મધ્યપૂર્વના દેશોમાંથી.
- આ સંસાધનોની વિશ્વસનીય પહોંચ ભારતના ઊર્જા ક્ષેત્રને સ્થિર કરશે અને તેની વધતી અર્થવ્યવસ્થાને ટેકો આપશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પી.એમ. વિશ્વકર્મા યોજના




તાજેતરમાં ભારત સરકારે વિશ્વકર્મા જયંતિના અવસર પર એટલે કે 17 સપ્ટેમ્બર, 2023ના રોજ 'પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના' શરૂ કરવામાં આવી છે.

### વિશ્વકર્મા યોજના શું છે ?

વિશ્વકર્મા યોજના એ ખાસ કરીને ઓબીસી સમુદાયના પરંપરાગત હસ્તકલા કૌશલ્યમાં કુશળ વ્યક્તિઓના ઉત્થાન માટે શરૂ કરાયેલ એક અગ્રણી યોજના છે.

- આ યોજનાનું નામ ભગવાન વિશ્વકર્માના નામ પરથી રાખવામાં આવ્યું છે. ભગવાન વિશ્વકર્માને વિશ્વના પ્રથમ એન્જિનિયર અને આર્કિટેક માનવામાં આવે છે.

### નોડલ મંત્રાલય

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MoMSME) આ યોજના માટે નોડલ મંત્રાલય છે.

- આ યોજના MoMSME, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય અને નાણાકીય સેવાઓ વિભાગ, નાણા મંત્રાલય, ભારત સરકાર દ્વારા સંયુક્ત રીતે અમલમાં મુકવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### યોજનાની મુખ્ય વિશેષતા

#### માન્યતા અને સમર્થન

યોજનામાં નોંધાયેલા કારીગરો અને શિલ્પકારોને પીએમ વિશ્વકર્મા પ્રમાણપત્ર અને ઓળખ કાર્ડ આપવામાં આવશે.

- આ કામદારો અને કારિગરો 5%ના વ્યાજ દરે રૂ. 1 લાખ (પ્રથમ હપ્તો) અને રૂ. 2 લાખ (બીજો હપ્તો) સુધીની કોલેટરલ–મુક્ત લોન સહાય માટે પણ પાત્ર બનશે.

#### કૌશલ્ય વિકાસ અને સશક્તિકરણ

વિશ્વકર્મા યોજનાને 2023-2024 થી 2027-2028 સુધીના પાંચ નાણાકીય વર્ષ માટે 13000 કરોડથી 15000 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

- આ યોજના કૌશલ્ય પ્રશિક્ષણ માટે રૂ. 500 અને આધુનિક સાધનોની ખરીદી માટે રૂ. 1500નું સ્ટાઈપેન્ડ પ્રદાન કરે છે.

## વિસ્તાર અને કવરેજ

આ યોજના ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં 18 પરંપરાગત વેપારોને આવરી લે છે.

- આ વ્યવસાયોમાં સુથાર, હોડી બનાવનાર, લુહાર, કુંભાર, શિલ્પકાર, મોચી, દરજી વગેરેનો સમાવેશ થાય છે.

## નોંધણી અને અમલીકરણ

વિશ્વકર્મા યોજના માટેની નોંધણી ગામડાઓમાં સામાન્ય સેવા કેન્દ્રો પર પૂર્ણ કરી શકાય છે.

- જ્યારે કેન્દ્ર સરકાર આ યોજના માટે ભંડોળ પૂરું પાડશે ત્યારે રાજ્ય સરકારો પાસેથી પણ સહકાર માંગવામાં આવશે.

## મૂલ્ય શૃંખલાઓ સાથે સંકલન

- આ યોજનાનો નોંધપાત્ર ઉદ્દેશ્ય તે સુનિશ્ચિત કરવાનો છે કે કારીગરો સ્થાનિક અને વૈશ્વિક બંને મૂલ્ય શૃંખલાઓમાં એકીકૃત રીતે સંકલિત થાય, જેથી તેમની બજારની પહોંચ અને તકો વધે.

## ઉદ્દેશ્ય

પી.એમ. વિશ્વકર્મા યોજનાના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે :

(a) પી.એમ. વિશ્વકર્મા યોજનાનો ઉદ્દેશ્ય કારીગરોને સ્થાનિક અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં એકીકૃત રીતે સંકલિત કરવાનો છે, જેનાથી તેમની બજાર એક્સેસ અને તકો વધે છે.

(b) ભારતના પરંપરાગત હસ્તકલાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જાળવણી અને પ્રોત્સાહન આપશે.

(c) કારીગરોને ઔપચારિક અર્થતંત્રમાં સંક્રમણ કરવામાં અને તેમને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં એકીકૃત કરવામાં મદદ કરશે.

## મહત્વ

તકનીકી પ્રગતિ હોવા છતાં પરંપરાગત કારીગરો સમાજમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

- આ કારીગરોને ઓળખવા અને ટેકો આપવાની અને તેમને વૈશ્વિક પુરવઠા શૃંખલામાં એકીકૃત કરવાની જરૂર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'યશોભૂમિ'નું ઉદ્દઘાટન કર્યુ હતું. તે શું છે ?
   (A) એક અત્યાધુનિક કન્વેન્શન અથવા સંમેલન કેન્દ્ર
   (B) શ્રીહરિકોટા સ્થિત પ્રાઈવેટ રોકેટ લોન્ચપેડ
   (C) શહીદ સ્મારક
   (D) મિલિટરી આર્મ્ડ બનાવવાનું એક કારખાનું
   **(A)**

2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે અત્યાધુનિક કન્વેન્શન સેન્ટર 'યશોભૂમિ'નું ઉદ્દઘાટન કર્યુ હતું ?
   (A) દ્વારકા, ગુજરાત (B) દ્વારકા, દિલ્હી
   (C) આગ્રા, ઉત્તરપ્રદેશ (D) પાણીપત, હરિયાણા
   **(B)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ IMEC (India-middle-East-Europe Economic Corridor) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. તે ભારત, મધ્યપૂર્વ અને યુરોપને જોડતો મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે.
   2. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રેલવે અને દરિયાઈ માર્ગો સહિત પરિવહન કોરિડોરનું નેટવર્ક સ્થાપિત કરવાનો છે.
   3. IMECની સ્થાપના માટે ભારત, અમેરિકા, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમિરાત, EU, ઈટાલી, ફ્રાન્સ અને જર્મનીએ હસ્તાક્ષર કર્યા હતા.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   (A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3
   **(D)**

4. 'પી.એમ. વિશ્વકર્મા યોજના' (Vishwakarma Yojna) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. આ યોજનાનું નામ ભગવાન વિશ્વકર્માના નામ પરથી રાખવામાં આવ્યું છે.
   2. તે ખાસ કરીને ઓબીસી સમુદાયના પરંપરાગત હસ્તકલા કૌશલ્યમાં કુશળ વ્યક્તિઓને ઉત્થાન માટે શરૂ કરાયેલ એક અગ્રણી યોજના છે.
   3. આ યોજનાને 2023-24 થી 2027-28 સુધીના પાંચ નાણાકીય વર્ષ માટે 13000 કરોડથી 15000 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે.
   4. આ યોજનાને પાત્ર કામદારો અને કારીગરો 5%ના વ્યાજ દરે રૂ. 1 લાખ (પ્રથમ હપ્તો) અને રૂ. 2 લાખ (બીજો હપ્તો) સુધીની કોલેટરલ મુક્ત લોન સહાય માટે પાત્ર બનશે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   (A) માત્ર 1, 3 અને 4 (B) 1, 2, 3 અને 4 (C) માત્ર 3 અને 4 (D) માત્ર 1, 2 અને 4
   **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતની 41મી વર્લ્ડ હેરિટેજ સાઈટ : શાંતિનિકેતન



તાજેતરમાં પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં સ્થિત 'શાંતિનિકેતન'ને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે.

- શાંતિનિકેતનને યુનેસ્કો દ્વારા ભારતની 41મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે માન્યતા આપવામાં આવી છે.
- સાઉદી અરેબિયામાં વર્લ્ડ હેરિટેજ કમિટીના 45મા સત્ર દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી.
- શાંતિનિકેતનના સમાવેશ માટેની ભલામણ ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ (ICOMOS) દ્વારા કરવામાં આવી હતી, જે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સેન્ટરની સલાહકાર સંસ્થા છે.

### શાંતિનિકેતન વિશે

શાંતિનિકેતન એ ભારતના પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં સ્થિત એક પ્રખ્યાત સાંસ્કૃતિક અને વારસો સ્થળ છે.

- તેની સ્થાપના 1901માં શ્રી રવિન્દ્રનાથ ટાગોર દ્વારા પ્રાચીન ભારતીય પરંપરાઓ અને ધાર્મિક તથા સાંસ્કૃતિક સીમાઓને પાર કરતી માનવતાની એકતાના દષ્ટિકોણ પર આધારિત એક નિવાસી શાળા અને કલા માટેના કેન્દ્ર તરીકે કરવામાં આવી હતી.
- તે ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે અને નોબેલ પુરસ્કાર વિજેતા શ્રી રવિન્દ્રનાથ ટાગોર સાથેના જોડાણ માટે જાણીતું છે.
- 1921માં શાંતિનિકેતન ખાતે 'વિશ્વ વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી હતી, જે પાછળથી 'વિશ્વ ભારતી' તરીકે જાણીતી બની છે.
- શાંતિનિકેતનનું મૂળ નામ ભૂબડાંગા હતું, જેનું નામ સ્થાનિક ડાકુ ભુબનના નામ પરથી રાખવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે વર્ષ 1862માં શ્રી રવીન્દ્રનાથ ટાગોરના પિતા શ્રી દેબેન્દ્રનાથ ટાગોરે આ કુદરતી સ્થળ જોયું હતું અને શાંતિનિકેતન નામનું ઘર બનાવીને આશ્રમ સ્થાપવાનું નક્કી કર્યુ હતું.
- શાંતિનિકેતનનો અર્થ થાય છે 'શાંતિનું ઘર'.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શાંતિનિકેતનની વિશેષતાઓ અને સાંસ્કૃતિક મહત્ત્વ

શાંતિનિકેતન એ ભારતમાં કલા અને સંસ્કૃતિ માટે નિર્ણાયક રહ્યું છે.

- તેમણે બંગાળ સ્કૂલ ઓફ આર્ટના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જે ભારતીય કલામાં એક મહત્વપૂર્ણ ચળવળ હતી.
- શાળાએ પરંપરાગત ભારતીય કલા સ્વરૂપો, પ્રકૃતિ અને જમીનની ભાવના પર ભાર મૂક્યો હતો.
- શાંતિનિકેતન ખાતે પોષ મેળો અને બસંત ઉત્સવ (હોળી ઉત્સવ)ની ઉજવણી સમગ્ર ભારતમાંથી લોકોને આકર્ષે છે.
- આ કાર્યક્રમો સંગીત, નૃત્ય, થિયેટર અને વધુના પ્રદર્શન સાથે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને દર્શાવે છે.
- શ્રી રવીન્દ્રનાથ ટાગોરનું નિવાસસ્થાન 'રવિન્દ્ર ભવન' તરીકે ઓળખાય છે, તે શાંતિનિકેતનમાં એક મુખ્ય આકર્ષણ છે.
- તેમનો અંગત સામાન, હસ્તપ્રતો અને કલાત્મક કૃતિઓ અહીં સચવાયેલી છે, જેનાથી મુલાકાતીઓ તેમના જીવન અને સર્જનાત્મક પ્રક્રિયાની સમજ મેળવી શકે છે.

## વિશ્વભારતી યુનિવર્સિટી

તે ભારતના પશ્ચિમ બંગાળના શાંતિનિકેતનમાં આવેલ રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા છે.


- વર્ષ 1921માં શ્રી રવીન્દ્રનાથ ટાગોર દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી.
- મે 1922માં વિશ્વ–ભારતી સોસાયટી એક સંસ્થા તરીકે નોંધાઈ ન હતી ત્યાં સુધી તેનું નામ શ્રી રવીન્દ્રનાથ ટાગોર પરથી રાખવામાં આવ્યું હતું.
- આઝાદી પહેલા તે એક કોલેજ હતી અને સંસ્થાને કેન્દ્રીય અધિનિયમ દ્વારા વર્ષ 1951માં કેન્દ્રીય યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- વિશ્વભારતી યુનિવર્સિટીની સંસ્થાઓની આંતરિક રચનાઓ આર્કિટેક્ચરની દષ્ટિએ વૈવિધ્યસભર છે.

**નોંધ:** (1) યુનેસ્કોની વેબસાઈટમાં જણાવ્યા અનુસાર વિશ્વભારતીનું ઉદ્‌ઘાટન વર્ષ 1922માં કલા, ભાષાઓ, માનવતા, સંગીતમાં સંશોધન સાથે સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે કરવામાં આવ્યું હતું.

(2) વિશ્વભારતી યુનિવર્સિટીના ચાન્સેલર ભારતના વડાપ્રધાન હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી રવીન્દ્રનાથ ટાગોર



બંગાળી ભાષાના કવિ તથા ભારતના રાષ્ટ્રગાન 'જન–ગન–મન'ના રચયિતા શ્રી રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ 7 મે, 1861ના રોજ કોલકાતા ખાતે થયો હતો.

- શ્રી રવીન્દ્રનાથ ટાગોરને ગુરુદેવના નામથી પણ ઓળખવામાં આવે છે.
- ભારતના રાષ્ટ્રગાન ઉપરાંત બાંગ્લાદેશનું રાષ્ટ્રગાન 'અમર–સોનાર બંગ્લા'ના રચયિતા પણ શ્રી રવીન્દ્રનાથ ટાગોર જ છે.
- આપણું રાષ્ટ્રગાન 'જન–ગન–મન'એ શ્રી રવીન્દ્રનાથ ટાગોર દ્વારા બંગાળી ભાષામાં લખાયેલ કવિતા 'ભારતના ભાગ્ય વિધાતા'ના પ્રથમ પદને હિન્દીમાં રૂપાંતરીત કરી સ્વીકારવામાં આવ્યું છે.
- વર્ષ 1913માં તેમની 'ગીતાજલી' કાવ્યરચના માટે નોબેલ પુરસ્કાર મળ્યો હતો.
- વર્ષ 1915માં તેઓને 'નાઈટહુડ'નો ખિતાબ આપવામાં આવ્યો હતો. પંરતુ વર્ષ 1919માં જલિયાવાલા બાગ હત્યાકાંડ બાદ આ ખિતાબ પરત કરી દીધો હતો.

## ભારતની 42મી વર્લ્ડ હેરિટેજ સાઈટ : હોયસલા મંદિરો

કર્ણાટકના હોયસલા પવિત્ર સમૂહો (Sacred Ensembles of the Hoysalas)ને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ સાથે હોયસલા મંદિરો ભારતની 42મી વર્લ્ડ હેરિટેજ સાઈટ બની છે.
- સાઉદી અરેબિયામાં વર્લ્ડ હેરિટેજ કમિટીના 45માં સત્ર દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી.
- નોંધનીય છે કે હોયસલાના પવિત્ર સમૂહો 15 એપ્રિલ, 2014થી યુનેસ્કોની કામચલાઉ યાદીમાં છે.
- કર્ણાટકમાં સ્થિત હોયસલા પવિત્ર સમૂહમાં ત્રણ મંદિરોનો સમાવેશ થાય છે :

  (1) બેલુર ખાતે ચેન્નકેશવ મંદિર

  (2) હાલેબીડ ખાતે હોયસલેશ્વર મંદિર

  (3) સોમનાથપુરા ખાતે કેશવ મંદિર
- ત્રણેય મંદિર ASI દ્વારા સુરક્ષિત છે અને નામાંકન 'Sacred Ensembles of the Hoysalas' તરીકે કરવામાં આવ્યું હતું.

## હોયસલા અથવા હોયસાલા મંદિરો વિશે

### ચેન્નાકેશવ મંદિર- બેલુર


આ મંદિર ભગવાન વિષ્ણુને સમર્પિત છે, જેઓ 'ચેન્નાકેશવ' તરીકે ઓળખાય છે.



- જેનો અર્થ થાય છે 'સુંદર' (ચેન્ના) અને 'વિષ્ણુ' (કેશવ).
- આ મંદિર કર્ણાટક રાજ્યના હાસન જિલ્લાના બેલુર શહેરમાં આવેલ છે.
- તે યાગાચી નદીના કિનારે આવેલું છે.
- આ મંદિરનું બાંધકામ ઈ.સ. **1117**માં શરૂ થયું હતું અને **103** વર્ષમાં પૂર્ણ થયું હતું.
- તેના પરિસરમાંથી આશરે ઈ.સ. **1117-18**ના શિલાલેખો મળી આવ્યા છે.
- મંદિરની બહારના ભાગમાં રોજિંદા જીવન, નૃત્ય અને સંગીતના દૃશ્યો દર્શાવતી સમૃધ્ધ શિલ્પકૃતિઓ છે.
- આ દૃશ્યો ભગવાન વિષ્ણુના જીવન અને પુનર્જન્મનું વર્ણન કરે છે, તે રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યોનું પણ વર્ણન કરે છે.
- અહિયા ભગવાન શિવ સાથે જોડાયેલા કેટલાંક મંદિરો પણ આવેલા છે.

### હોયસલેશ્વર મંદિર, હાલેબીડ

હાલેબીડુ અથવા હાલેબીડ ખાતે આવેલું હોયસલેશ્વર મંદિર હાલના હોયસાલાનું સૌથી અનુકરણીય સ્થાપત્ય છે.



- તે ઈ.સ. **1121**માં હોયસલા રાજા વિષ્ણુવર્ધન હોયસલેશ્વરના શાસન દરમિયાન બનાવવામાં આવ્યું હતું.
- ભગવાન શિવને સમર્પિત આ મંદિર દોરા સમુદ્રના શ્રીમંત નાગરિકો અને વેપારીઓ દ્વારા પ્રાયોજિત અને બનાવવામાં આવ્યું હતું.
- આ મંદિર દિવાલ સાથે જોડાયેલ **240**થી વધુ શિલ્પો માટે સૌથી પ્રખ્યાત છે.
- હાલેબીડમાં એક દિવાલ સંકુલ છે જેમાં હોયસાલા સમયગાળાના ત્રણ જૈન મંદિરો પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કેશવ મંદિર, સોમનાથપુરા



સોમનાથપુરા ખાતેનું કેશવ મંદિર બીજું ભવ્ય હોયસલા સ્મારક છે.

- જનાર્દન, કેશવ અને વેણુગોપાલના આ ત્રણ સ્વરૂપોમાં ભગવાન કૃષ્ણને સમર્પિત એક સુંદર ત્રિકુટ મંદિર છે.

## હોયસલા સ્થાપત્ય વિશેના મુખ્ય તથ્યો

હોયસલા મંદિરોનું નિર્માણ 12મી અને 13મી સદી દરમિયાન કરવામાં આવ્યું હતું.

- જે હોયસલા રાજવંશની અનન્ય સ્થાપત્ય અને કલાત્મક પ્રતિભા દર્શાવે છે.
- હોયસલા મંદિરોને કેટલીકવાર વર્ણસંકર અથવા વેસરા કહેવામાં આવે છે.
- કારણ કે તેમની અનન્ય શૈલી ન તો સંપૂર્ણપણે દ્રવિડ કે નાગર જેવી લાગે છે, પરંતુ તે તેની વચ્ચે કયાંક છે.
- તેઓ અન્ય મધ્યયુગીન મંદિરોથી સરળતાથી અલગ પડે છે.
- હોયસલા સ્થાપત્ય મધ્ય ભારતમાં પ્રચલિત ભૂમિજા શૈલી, ઉત્તર અને પશ્ચિમ ભારતની નાગર પરંપરાઓ અને કલ્યાણી દ્વારા તરફેણ કરાયેલ દ્રવિડ શૈલીના વિશેષ મિશ્રણ માટે જાણીતું છે.
- કેન્દ્રીય થાંભલાવાળા હોલની આસપાસ જૂથબદ્ધ અને જટિલ રીતે ડિઝાઈન કરેલા તારાના આકારમાં મૂકેલા બહુવિધ મંદિરો ધરાવે છે.
- તેઓ સોપસ્ટોનના પથ્થરમાંથી (સાબુ જેવો) બનેલા છે જે પ્રમાણમાં નરમ પથ્થર છે.
- આ ઉપરાંત હોયસાલા મંદિરો એક વિશિષ્ટ શૈલી વિકસાવવા માટે જાણીતા છે. જે એક ઊંચા પ્લેટફોર્મ પર બાંધવામાં આવેલ સ્ટેલેટ પ્લાનને પગલે મંદિર સ્થાપત્યથી અલંકૃત છે.

## હોયસલા રાજવંશ

હોયસલા રાજવંશ દક્ષિણ ભારતમાં 10મી થી 14મી સદી વચ્ચે અસ્તિત્વમાં હતો.

- તેમણે મુખ્યત્વે કર્ણાટક અને તમિલનાડુના વિસ્તારો પર શાસન કર્યુ હતું.
- આ રાજવંશની સ્થાપના નૃપા કામા-II દ્વારા કરવામાં આવી હતી.
- તેની રાજધાની શરૂઆતમાં બેલુરમાં હતી, પરંતુ પછીથી તેમને હલેબીડુમાં ખસેડવામાં આવી હતી.
- હોયસલાઓ કલ્યાણના ચાલુકયોના સામંત હતા, જેને પશ્ચિમ ચાલુકય સામ્રજ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ વંશના સૌથી નોંધપાત્ર શાસકો <u>વિષ્ણુવર્ધન</u>, <u>વીરા બલ્લાલા II</u>, અને <u>વીરા બલ્લાલા III</u> હતા.
- જેમાં <u>વિષ્ણુવર્ધન (બિટ્ટીદેવ તરીકે પણ ઓળખાય છે.)</u> હોયસલા વંશના સૌથી મહાન રાજા હતા.
- આ રાજવંશ એક સહિષ્ણુ અને બહુલવાદી સમાજ હતો જેણે હિન્દુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ જેવા વિવિધ ધર્મોને સમર્થન આપ્યું હતું.

## ભારતના વિશ્વ ધરોહરમાં સમાવિષ્ટ સ્થળો

ભારતમાં કુલ <u>42 વર્લ્ડ હેરિટેજ સાઈટ</u> છે. જેમાં <u>34 સાંસ્કૃતિક</u>, <u>7 કુદરતી</u> અને <u>1 મિશ્ર સાઈટ</u>નો સમાવેશ થાય છે.

### સાંસ્કૃતિક

| સ્થળ | વર્ષ | રાજ્ય |
|---|---|---|
| તાજમહેલ | 1983 | ઉત્તરપ્રદેશ |
| આગ્રાનો કિલ્લો | 1983 | ઉત્તરપ્રદેશ |
| ઈલોરાની ગુફા | 1983 | મહારાષ્ટ્ર |
| અજંતાની ગુફા | 1983 | મહારાષ્ટ્ર |
| મહાબલીપુરમના સ્મારક | 1984 | તમિલનાડુ |
| સૂર્યમંદિર–કોણાર્ક | 1984 | ઓડિશા |
| ખજુરાહોના મંદિર | 1986 | મધ્યપ્રદેશ |
| ફતેહપુર સિક્રી | 1986 | ઉત્તરપ્રદેશ |
| ગોવાના ચર્ચ | 1986 | ગોવા |
| હમ્પી અવશેષ | 1986 | કર્ણાટક |
| ચોલમંદીર | 1987 | તમિલનાડુ |
| એલિફન્ટાની ગુફા | 1987 | મહારાષ્ટ્ર |
| પટ્ટદકલનું સ્મારક | 1987 | કર્ણાટક |
| સાંચીનો સ્તૂપ | 1989 | મધ્યપ્રદેશ |
| કુતુબમિનાર | 1993 | દિલ્હી |
| હુમાયુનો મકબરો | 1993 | દિલ્હી |
| માઉન્ટેન રેલવે (1) દાર્જિલિંગ (2) નીલગિરિ (3) કાલકા–શિમલા | 1999 | તમિલનાડુ હિમાચલ પ્રદેશ |
| મહાબોધિ મંદિર | 2002 | બિહાર |
| ભીમબેટકાની ગુફા | 2003 | મધ્યપ્રદેશ |
| છત્રપતિ શિવાજી ટર્મિનલ | 2004 | મહારાષ્ટ્ર |
| ચાંપાનેર – પાવાગઢ | 2004 | ગુજરાત |
| લાલ કિલ્લો | 2001 | દિલ્હી |
| જંતર–મંતર | 2010 | રાજસ્થાન |

| સ્થળ | વર્ષ | રાજ્ય |
|---|---|---|
| હિલફોર્ટ ઓફ રાજસ્થાન | 2013 | રાજસ્થાન |
| રાણીની વાવ | 2014 | ગુજરાત |
| લી કાર્બુસીયર સ્થાપત્ય કાર્ય | 2016 | ચંદીગઢ |
| નાલંદા વિદ્યાપીઠ | 2016 | બિહાર |
| ઐતિહાસિક શહેર અમદાવાદ | 2017 | ગુજરાત |
| વિક્ટોરીયન ગોથિક સ્થળો | 2018 | મહારાષ્ટ્ર |
| જયપુર | 2019 | રાજસ્થાન |
| રુદ્રેશ્વર (રામપ્પા) મંદિર | 2021 | તેલંગાણા |
| ધોળાવીરા (એક હડપ્પન શહેર) | 2021 | ગુજરાત |
| શાંતિનિકેતન | 2023 | પશ્ચિમ બંગાળ |
| હોયસલા મંદિરો (હોયસલા પવિત્ર સમૂહો) | 2023 | કર્ણાટક |

### કુદરતી

| | | |
|---|---|---|
| કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન | 1985 | આસામ |
| માનસ રાષ્ટ્રીય ઉદ્યાન | 1985 | આસામ |
| કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાન | 1985 | રાજસ્થાન |
| સુંદરવન રાષ્ટ્રીય ઉદ્યાન | 1987 | પશ્ચિમ બંગાળ |
| નંદાદેવી રાષ્ટ્રીય ઉદ્યાન અને ફૂલોની ઘાટી | 1988 | ઉત્તરાખંડ |
| પશ્ચિમ ઘાટ | 2012 | મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ, તમિલનાડુ |
| ગ્રેટ હિમાલયન રાષ્ટ્રીય ઉદ્યાન | 2014 | હિમાચલપ્રદેશ |

### મિશ્ર (સાંસ્કૃતિક + કુદરતી)

| | | |
|---|---|---|
| કાંચનઝંઘા રાષ્ટ્રીય ઉદ્યાન | 2016 | સિક્કિમ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં યુનેસ્કો દ્વારા ભારતની 41મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે કોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) લખનૌ સિટી (B) ઝાંસીનો કિલ્લો (C) મદ્રાસ યુનિવર્સિટી (D) શાંતિનિકેતન **(D)**

2. તાજેતરમાં યુનેસ્કો દ્વારા ભારતની 41મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે 'શાંતિનિકેતન'નો સમાવેશ કરવામાં આવ્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) પશ્ચિમ બંગાળ (B) ઓડિશા (C) મહારાષ્ટ્ર (D) બિહાર **(A)**

3. તાજેતરમાં 'હોયસલા મંદિરો' (અથવા Sacred Ensembles of the Hoysalas)ને ભારતની કેટલામી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 41મી (B) 42મી (C) 43મી (D) 44મી **(B)**

4. તાજેતરમાં બેલુર, હલેબિડુ અને સોમનાથપુરાના હોયસલા મંદિરોને ભારતની 42મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે સમાવેશ કર્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) કર્ણાટક (B) ઓડિશા (C) સિક્કિમ (D) મેઘાલય **(A)**

5. 'હોયસલા રાજવંશ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે દક્ષિણ ભારતમાં 10મી થી 14મી સદી વચ્ચે અસ્તિત્વમાં હતો.
2. આ રાજવંશની સ્થાપના નૃપા કામા-II દ્વારા કરવામાં આવી હતી.
3. વિષ્ણુવર્ધન, વીરા બલ્લાલા II, અને વીરા બલ્લાલા III આ વંશના નોંધપાત્ર શાસકો હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.


(A) માત્ર 2 અને 3 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 1 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 21 સપ્ટેમ્બર, (1) વિશ્વ શાંતિ દિવસ (World Peace Day) (2) વિશ્વ અલ્ઝાઈમર દિવસ

### વિશ્વ શાંતિ દિવસ




સમગ્ર પૃથ્વી પર શાંતિ, સહિષ્ણુતા અને અહિંસાની સ્થાપના માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ શાંતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ ફેલાય તે માટે તથા યુદ્ધ અને હિંસા ન થાય તે માટે જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા વર્ષ 1981માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- જોકે, શરૂઆતમાં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારે આ દિવસની ઉજવણી કરવામાં આવતી હતી.
- ત્યારબાદ વર્ષ 2001માં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારની જગ્યાએ દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવાનું નક્કી થયું હતું. અને વર્ષ 2002થી તેનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2023ની 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ 'Actions for Peace : our ambition for the #GlobalGoals' છે.

નોંધ : 'World Peace Day'ને 'International Day of Peace' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશ્વ અલ્ઝાઈમર દિવસ




દર વર્ષે 21 સપ્ટેમ્બરને 'વિશ્વ અલ્ઝાઈમર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- વિશ્વ અલ્ઝાઈમર દિવસ લોકોને અલ્ઝાઈમર રોગથી બચાવવા અને તેના વિશે જાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે.
- અલ્ઝાઈમર ડિસીઝ ઈન્ટરનેશનલ (ADI)ની સ્થાપના વર્ષ 1984માં થઈ હતી.

- અલ્ઝાઈમર ડિસીઝ ઈન્ટરનેશનલની દસમી વર્ષગાંઠ પર 1994માં વર્લ્ડ અલ્ઝાઈમર ડે જાહેર કરવામાં આવ્યો હતો, ત્યારથી આ દિવસ 21 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.
- અલ્ઝાઈમર રોગ એ ન્યુરોલોજિકલ ડિસઓર્ડર છે જે મગજના ચેતા કોષોને નષ્ટ કરે છે.
- તેના કારણે દર્દીની શારીરિક અને માનસિક સ્થિતિ નબળી પડી જાય છે, તેને કશુ યાદ રહેતું નથી, તેની નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે.
- જેમ જેમ આ રોગ વધતો જાય તેમ તેમ યાદશક્તિની સમસ્યા વધે છે.
- વર્ષ 2023ના 'વિશ્વ અલ્ઝાઈમર દિવસ'ની થીમ 'Never too early, never too late' છે.

## 'ઉડાન ભવન'નું ઉદ્‌ઘાટન

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન અને સ્ટીલ મંત્રીશ્રીએ દિલ્હીના સફદરજંગ એરપોર્ટ પર એક સંકલિત કાર્યાલય સંકુલ 'ઉડાન ભવન'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.



- જે બહેતર સંકલન માટે બહુવિધ ઉડ્ડયન નિયમનકારી અધિકારીઓને એક છત નીચે લાવશે.
- નવા સંકલિત કાર્યાલય સંકુલમાં જમીનથી ઉપરના ત્રણ સ્તરો અને જમીનની નીચે ત્રણ વધારાના સ્તરનો સમાવેશ થાય છે.
- આ કાર્યાલય સંકુલ 1,270 અધિકારીઓ માટે જગ્યા પૂરી પાડે છે.
- ઈમારતનો કુલ બાંધકામ વિસ્તાર 71,257 ચોરસમીટર છે અને તેનું નિર્માણ કુલ 374.98 કરોડ રૂપિયાના ખર્ચ સાથે કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત ઉદ્‌ઘાટનમાં પાયલોટ ઈ–વોલેટ સુવિધા શરૂ કરવામાં આવી હતી.
- ઈ–વોલેટ સુવિધા ભારતકોષ પોર્ટલ દ્વારા વિવિધ નિયમનકારી મંજૂરીઓ સંબંધિત પ્રક્રિયા ફી માટે તૈયાર કરવામાં આવી છે. તે પ્રીપેડ વોલેટ તરીકે કામ કરે છે.
- ઉડાન ભવન ખાતે નીચેની ઉડ્ડયન નિયમનકારી સંસ્થાઓ આવેલી છે :

(1) ડિરોક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)

(2) બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી (BCAS)

(3) એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસિટગેશન બ્યુરો (AAIB)

(4) એરપોર્ટ્સ ઈકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી (AERA)

- ઉડાન ભવનમાં આધુનિક કોન્ફરન્સ રૂમ, અદ્યતન AV સિસ્ટમ્સ, આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાર્કિંગ મેનેજમેન્ટ, યોગા રૂમ અને EV ચાર્જિંગ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નોર્મન બોર્લોગ એવોર્ડ 2023



ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IRRI)ના ભારતીય વૈજ્ઞાનિક ડો. સ્વાતી નાયકને ફિલ્ડ રિસર્ચ અને એપ્લિકેશન માટે પ્રતિષ્ઠિત નોર્મન ઈ. બોર્લોગ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

- જેમાં વર્લ્ડ ફૂડ પ્રાઈઝ ફાઉન્ડેશન દ્વારા તેમને 'ઉત્તમ યુવા વૈજ્ઞાનિક' તરીકે વર્ણાવવામાં આવ્યા છે.

### ડો. સ્વાતિ નાયક

ડો. સ્વાતિ નાયક ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IRRI)માં સીડ સિસ્ટમ અને પ્રોડક્ટ મેનેજમેન્ટ માટે દક્ષિણ એશિયાના વડા છે.

- તેમનું કાર્ય વૈજ્ઞાનિક જ્ઞાન અને ખેડૂતો માટે તેના વ્યવહારિક ઉપયોગ વચ્ચેના અંતરને દૂર કરવાના તેમના અસાધારણ સમર્પણ પર આધારિત છે.
- તેમના કાર્યની કૃષિ અને ખેડૂતો, ખાસ કરીને નાના ખેતી ધારકો પર ઊંડી અસર છે.
- તેમને 20થી વધુ આબોહવા–સ્થિતિસ્થાપક અને બાયો–ફોર્ટિફાઈડ ચોખાની જાતોના સફળ પ્રસાર અને અપનાવવાનો શ્રેય આપવામાં આવે છે.
- તેમાં 'સહભાગી ધન' છે, જે ડુંગરાળ પ્રદેશો માટે યોગ્ય દુષ્કાળ સહન કરતી વિવિધતા છે, અને 'બીના ધન–II' જે પૂર–સહિષ્ણુ છે.
- બીના ધન II ઓડિશાના સ્વદેશી ભૂમિ જાતીમાંથી ઓળખાયેલ સબમર્જન્સ–સહિષ્ણુ સબ 1 જનીન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### નોર્મન ઈ.બોર્લોગ એવોર્ડ વિશે

આ પુરસ્કાર 40 વર્ષથી ઓછી ઉંમરના અસાધારણ વૈજ્ઞાનિકોને અને ખોરાક તથા પોષણ સુરક્ષા અને ભૂખ નાબૂદીના ક્ષેત્રમાં કામ કરનાર વ્યક્તિને આપવામાં આવે છે.

- તે નોબેલ પુરસ્કાર વિજેતા અને હરિત ક્રાંતિના મુખ્ય આર્કિટેક ડો. નોર્મન બોર્લોગની યાદમાં આપવામાં આવે છે.

નોંધ : (1) નોર્મન અર્નેસ્ટ બોર્લોગ એક અમેરિકન કૃષિશાસ્ત્ર હતા. જેમણે વિશ્વભરમાં એવી પહેલોનું નેતૃત્વ કર્યુ હતું જેણે કૃષિ ઉત્પાદનમાં વ્યાપક વૃદ્ધિમાં ફાળો આપ્યો હતો જેને હરિતક્રાંતિ કહેવામાં આવે છે.

(2) શ્રી નોર્મન બોર્લોગને 'હરિયાળી ક્રાંતિના પિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

1. 'વિશ્વ શાંતિ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર **(D)**

2. વર્ષ 2023ના 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ શું હતી ?

(A) Actions for Peace : our ambition for the #GlobalGoals

(B) Stand up for International Peace

(C) Shaping Peace Togrther

(D) Right to Peace of People **(A)**

3. 'વિશ્વ અલ્ઝાઈમર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર **(D)**

4. તાજેતરમાં કયા સ્થળે 'ઉડાન ભવન'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) ચૌધરી ચરણસિંહ એરપોર્ટ, લખનૌ

(B) છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ, મુંબઈ

(C) સફદરજંગ એરપોર્ટ, દિલ્હી

(D) વિશાખાપટ્ટનમ એરપોર્ટ, આંધ્રપ્રદેશ **(C)**

5. તાજેતરમાં કોને પ્રતિષ્ઠિત 'નોર્મન ઈ.બોર્લોગ એવોર્ડ'થી નવાજવામાં આવ્યા છે ?

(A) ડૉ. અનુરાધા જૈન (B) ડૉ. સ્વાતિ નાયક

(C) ડૉ. સુમન સહાય (D) ડૉ. પ્રિયા દાવિદાર **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 સપ્ટેમ્બર, (1) વિશ્વ કાર મુક્ત દિવસ (World Car Free Day)
## (2) વિશ્વ ગુલાબ દિવસ (World Rose Day)
## (3) વિશ્વ ગેંડા દિવસ (World Rhino Day)

### વિશ્વ ગુલાબ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ગુલાબ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ ગુલાબ દિવસનો મુખ્ય ઉદ્દેશ કેન્સર વિશે જાગૃતિ ફેલાવવાનો છે. અને કેન્સર સામે લડતા લોકોમાં આશા અને ઉત્સાહ ફેલાવવાનો છે.
- વિશ્વ ગુલાબ દિવસ 12 વર્ષની દિકરી સુશ્રી મેલિન્ડા રોઝની યાદમાં ઉજવવામાં આવે છે.
- આ કેનેડિયન દિકરીને એક દુર્લભ બ્લડ કેન્સર એસ્કીન્સ ટ્યૂમર હતું. સારવાર દરમિયાન ડોક્ટરોએ જણાવ્યું હતું કે તેઓ અઠવાડિયાથી વધુ જીવશે નહીં, પરંતુ તેઓ અઠવાડિયાને બદલે છ મહિના જીવ્યા હતા.
- તેમણે દરેક દિવસને અર્થપૂર્ણ બનાવ્યો હતો અને અન્ય કેન્સર દર્દીઓને પત્રો, કવિતાઓ અને ઈ–મેઈલ મોકલીને તેમને ખૂશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.
- વિશ્વ ગુલાબ દિવસ કેન્સરના દર્દીઓને એ સંદેશો આપે છે કે મજબૂત ઈચ્છાશક્તિ અને ભાવનાથી રોગ સામે લડી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિશ્વ ગેંડા દિવસ

ગેંડાની તમામ પાંચ પ્રજાતિઓ વિશે જાગૃતિ ફેલાવવા અને તેમને બચાવવા માટે કરવામાં આવી રહેલા કાર્ય તરફ ધ્યાન દોરવા માટે 22 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ગેંડા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ગેંડાની પાંચ પ્રજાતિઓ નીચે મુજબ છે :

(1) સફેદ ગેંડો (White Rhino) (આફ્રિકામાં જોવા મળે છે)
(2) કાળો ગેંડો (Black Rhino) (આફ્રિકામાં જોવા મળે છે)
(3) એક શિંગડાવાળો ગેંડો (Greater One-Horned)
(4) જાવા/જવન ગેંડા (Javan Rhino)
(5) સુમાત્રન ગેંડો (Sumatran Rhino)



## સંસદનું વિશેષ સત્ર અને નવા સંસદભવનમાં પ્રથમ બેઠક

18 સપ્ટેમ્બર, 2023ના રોજ સંસદના વિશેષ સત્રના પહેલા દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂના સંસદ ભવનમાં છેલ્લું ભાષણ કર્યુ હતું.

- લગભગ 50 મિનિટના તેમના ભાષણમાં જૂની યાદોને તાજી કરી હતી.
- 19 સપ્ટેમ્બર, 2023ના રોજ ગણેશ ચતુર્થીના દિવસે સંસદના બંને ગૃહની બેઠક નવા સંસદ ભવનમાં યોજાઈ હતી.

### સંસદનું વિશેષ સત્ર

બંધારણના અનુચ્છેદ 85માં સંસદીય સત્ર બોલાવવાનો ઉલ્લેખ છે. સામાન્ય રીતે સંસદમાં ત્રણ વખત સત્ર બોલાવવાની પરંપરા છે :

(1) બજેટ સત્ર, (2) ચોમાસુ સત્ર, (3) શિયાળુ સત્ર

- સંસદ દ્વારા બોલાવવામાં આવતી અનોખી બેઠક જે સામાન્ય સત્ર દરમિયાન થતી નથી તેને 'વિશેષ સત્ર' તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતીય બંધારણમાં 'વિશેષ સત્ર' શબ્દ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી. પરંતુ તેનો ઉપયોગ ઘણીવાર ચોક્કસ પ્રસંગો અથવા હેતુઓ માટે બોલાવવામાં આવતા સત્રો માટે થાય છે.
- સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ વડાપ્રધાનના નેતૃત્વમાં વિશેષ સત્ર બોલાવવાની તારીખ અને એજન્ડા સુયોજિત કરે છે.
- ત્યારબાદ આ માહિતી અધ્યક્ષને આપવામાં આવે છે.
- ત્યારબાદ કેબિનેટ કમિટીના આ નિર્ણયને રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવે છે, રાષ્ટ્રપતિ તેના પર હસ્તાક્ષર કરતાની સાથે જ વિશેષ સત્ર બોલાવતું નોટિફિકેશન બહાર પાડવામાં આવે છે.

નોંધ: (1) ભારતીય બંધારણમાં વિશેષ સત્રનો કોઈ ઉલ્લેખ નથી, પરંતુ બંધારણના અનુચ્છેદ 352 (કટોકટીની ઘોષણા)માં 'ગૃહની વિશેષ બેઠક'નો ઉલ્લેખ છે.

(2) સંસદે 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા વિશેષ બેઠક સાથે સંબંધિત ભાગ ઉમેર્યો હતો, જેનો હેતુ દેશમાં કટોકટી જાહેર કરવાની સરકારની શક્તિને નિયંત્રિત કરવાનો હતો.

(3) આ જોગવાઈ અનુસાર જો દેશમાં કટોકટી જાહેર કરવામાં આવે છે અને સંસદનું સત્ર ચાલુ નથી તો લોકસભાના 1/10 સંસદો એક સાથે રાષ્ટ્રપતિને વિશેષ બેઠક બોલાવવા માટે કહી શકે છે. આ વિશેષ બેઠકનો હેતુ ઈમર્જન્સી (કટોકટી)ને ફગાવી દેતો ઠરાવ પસાર કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંસદના વિશેષ સત્રના ભાગ

સંસદના વિશેષ સત્રને બે ભાગમાં વર્ગીકૃત કરી શકાય છે :

| ચર્ચાઓ સાથે વિશેષ સત્રો | મધ્યરાત્રિ વિશેષ સત્રો (વાદ-વિવાદ વિના) |
|---|---|
| • 1962 : એજન્ડામાં ભારત–ચીન યુદ્ધ પરની સ્થિતિ સામેલ હતી.<br>• 1997 : ભારતની આઝાદીની 50મી વર્ષગાંઠ નિમિત્તે સંસદ બોલાવવામાં આવી હતી.<br>• 2015 : ડો. બી. આર. આંબેડકરની 125મી જન્મજયંતિ નિમિત્તે વિશેષ સત્ર યોજાયું હતું. | • 1947 : બ્રિટિશ અધિકારીઓ પાસેથી સત્તા હસ્તાંતરણ કરતા પહેલા આઝાદી પૂર્વેની સંધ્યાએ વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું.<br>• 1972 : ભારતની આઝાદીના 25 વર્ષની ઉજવણી માટે એક સત્ર યોજાયું હતું.<br>• 1992 : ભારત છોડો ચળવળને 50મી વર્ષગાંઠ નિમિત્તે એક વિશેષ સત્ર યોજાયું હતું.<br>• 2017 : ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગુ કરવા માટે વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** નવા સંસદ ભવનની સંપૂર્ણ માહિતી ICE Magic અંક 22 એટલે કે વર્ષ 2023ના ICE Magic Week 22માં આપેલી છે. જેની સર્વે વિદ્યાર્થી મિત્રોએ ખાસ નોંધ લેવી.

## જૂના સંસદ ભવનનું નામ બદલીને 'સંવિધાન સદન' કરવામાં આવ્યું



તાજેતરમાં સંસદના વિશેષ સત્રના પ્રથમ દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂની સંસદ ભવનમાં તેમના ઐતિહાસિક અને છેલ્લા ભાષણમાં જણાવ્યું હતું કે જૂના સંસદ ભવનને 'સંવિધાન સદન' તરીકે ઓળખવામાં આવશે.

- ત્યાર બાદ લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ જૂના સંસદ ભવનનું નામ સત્તાવાર 'સંવિધાન સદન' રાખ્યું હતું
- જૂના સંસદ ભવનનું નામ બદલવાનું ઐતિહાસિક મહત્ત્વ છે, જે ભારતીય બંધારણની રચનામાં તેની ભૂમિકાને દર્શાવે છે.

## જૂનું સંસદ ભવન

બ્રિટિશ શાસનકાળ દરમિયાન 12 ફેબ્રુઆરી, 1921ના રોજ તેનો પાયો નખાયો હતો.

- જૂના સંસદ ભવનની ડિઝાઈન એડ્વીન લ્યુટેન્સ તથા હર્બટ બેકર દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
- તે સમયે ભારત માટે નવા વહીવટી રાજધાની શહેરનું નિર્માણ કરવાના તેમના વ્યાપક આદેશના ભાગરૂપે તેની રચના કરવામાં આવી હતી.
- વર્ષ 1927માં આ સંસદ ભવન બનીને તૈયાર થયું હતું.
- તેનું ઉદ્દ્ઘાટન 18 જાન્યુઆરી, 1927ના રોજ તત્કાલીન વાઈસરોય લોર્ડ ઈરવિન દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સંસદ ભવન 83 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું હતું.

## સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા રિપોર્ટ 2023

તાજેતરમાં અઝીમ પ્રેમજી યુનિવર્સિટીના સેન્ટર ફોર સસ્ટેનેબલ એમ્પ્લોયમેન્ટે ‘સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા 2023’ શીર્ષક નામનો અહેવાલ બહાર પાડયો છે જે ભારતીય કર્મચારીની સ્થિતિઓને પ્રકાશિત કરે છે.

- રિપોર્ટમાં બેરોજગારી દર, મહિલાઓની સહભાગીતા, આંતર–પેઢી પરિવર્તન અને જાતિના આધારે કાર્યબળને પેટર્ન આવરી લેવામાં આવી છે.
- આ રિપોર્ટમાં વિવિધ ડેટા સ્ત્રોતો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમ કે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણો, રોજગાર–બેરોજગારી સર્વેક્ષણ અને સામયિક શ્રમ દળ સર્વેક્ષણ અને ભારત કાર્યકારી સર્વેક્ષણનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### અહેવાલના મુખ્ય મુદ્દાઓ

### માળખાકીય સ્તરે મુખ્ય ફેરફારો

1980ના દાયકાથી સ્થિરતા પગલે 2004થી નિયમિત અથવા માસિક ધોરણે વેતન મેળવતા કામદારોનો હિસ્સો વધ્યો છે.

- પુરુષોના કિસ્સામાં તે 18%થી વધીને 25% અને સ્ત્રીઓના કિસ્સામાં 10% થી વધીને 25% થઈ ગયું છે.
- 2004 અને 2017ની વચ્ચે વાર્ષિક ધોરણે લગભગ 3 મિલિયન નિયમિત વેતનની નોકરીઓનું સર્જન થયું હતું. 2017 અને 2019ની વચ્ચે આ સંખ્યા વધીને પ્રતિ વર્ષ 5 મિલિયન થઈ ગઈ છે.
- વૃદ્ધિમાં મંદી અને મહામારીના કારણે નિયમિત પગારવાળી નોકરીઓ બનાવવાની ગતિ ધીમી પડી છે.

## લિંગ આધારિત આવકની અસમાનતામાં ઘટાડો

વર્ષ 2004માં મહિલા પગારદાર કર્મચારીઓની આવક પુરુષોની કુલ આવકના માત્ર 70% હતી.

- 2017 સુધીમાં આ અંતર ઓછું થઈ ગયું હતું. અને મહિલાઓની આવક પુરુષોની આવકના 76% હતી. ત્યારથી આ તફાવત વર્ષ 2021-22 સુધી સ્થિર રહ્યો છે.

## બેરોજગારી દર અને શિક્ષણ

કુલ બેરોજગારી દર 2017-18માં 8.7%થી ઘટીને 2021-22માં 6.6% થયો છે.

- જોકે 25 વર્ષથી ઓછી ઉંમરના સ્નાતકો માટે બેરોજગારીનો દર 42.3% હતો.
- તેનાથી વિપરીત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરનાર વ્યક્તિઓ માટે બેરોજગારીનો દર 21.4% હતો.

## મહિલા કાર્યબળની ભાગીદારી

કોવિડ-19 મહામારી પછી 60% મહિલાઓ સ્વ–રોજગાર કરતી હતી, જ્યારે અગાઉ આ આંકડો 50% હતો.

- જોકે કર્મચારીઓની ભાગીદારીમાં આ વધારો સ્વ–રોજગાર આવકમાં ઘટાડા સાથે હતો, જે મહામારીની કષ્ટદાયક અસરને પ્રતિબિંતિ કરે છે.

## આંતર-પેઢી ગતિશીલતા

આંતર–પેઢીની ઉપરની ગીતશીલતાએ ઉપર તરફનું વલણ દર્શાવ્યું છે, જે સામાજિક–આર્થિક પ્રગતિ દર્શાવે છે.

- જોકે, સામાન્ય જાતિઓની તુલનામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કામદારોના કિસ્સામાં આ વલણ નબળું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






1. ‘વિશ્વ કાર મુક્ત દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર **(B)**

2. ‘વિશ્વ ગુલાબ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર **(B)**

3. ‘વિશ્વ ગુલાબ દિવસ’નો ઉદ્દેશ કયા રોગ વિશે જાગૃતિ ફેલાવવા અને તે રોગ સામે લડતા લોકોમાં આશા અને ઉત્સાહ ફેલાવવાનો છે ?

(A) કેન્સર (B) હાથિપગો (C) ફાઈલેરિયા (D) મેલેરિયા **(A)**

4. ‘વિશ્વ ગેંડા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર **(B)**

5. તાજેતરમાં સંસદનું ‘વિશેષ સત્ર’ બોલાવવામાં આવ્યું હતું. આ વિશેષ સત્ર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારતીય બંધારણના અનુચ્છેદ 87(6)માં વિશેષ સત્રની પ્રક્રિયા વિશેની જોગવાઈ આપેલી છે.
2. ભારતીય બંધારણમાં ‘વિશેષ સત્ર’ શબ્દ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી. પરંતુ તેનો ઉપયોગ ઘણીવાર ચોક્કસ પ્રસંગો અથવા હેતુઓ માટે બોલાવવામાં આવતા સત્રો માટે થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચા છે.

(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. તાજેતરમાં જૂના સંસદ ભવનનું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ?

(A) સંવિધાન સદન (B) અટલ મેમોરિયલ

(C) દિલ્હી સદન (D) ભારત ભવન

**(A)**

7. જૂના સંસદ ભવન વિશે નીચેના વિધાનો ધ્યાને લો :

1. બ્રિટિશ શાસનકાળ દરમિયાન 12 ફેબ્રુઆરી, 1921ના રોજ તેનો પાયો નખાયો હતો.
2. જૂના સંસદ ભવનની ડિઝાઈન એડ્વીન લ્યુટેન્સ તથા હર્બટ બેકર દ્વારા તૈયાર કરવામાં આવી હતી.
3. વર્ષ 1927માં આ સંસદ ભવન બનીને તૈયાર થયું હતું.
4. તેનું ઉદ્દઘાટન 18 જાન્યુઆરી, 1927ના રોજ શ્રી મોતીલાલ નહેરુ દ્વારા કરવામાં આવ્યું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1 અને 3 (D) 1, 2, 3 અને 4

**(A)**


8. તાજેતરમાં.........યુનિવર્સિટીના સેન્ટર ફોર સસ્ટેનેબલ એમ્પ્લોયમેન્ટે ‘સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા 2023’ શીર્ષક નામનો અહેવાલ બહાર પાડયો છે, જે ભારતીય કર્મચારીની સ્થિતિઓને પ્રકાશિત કરે છે.

(A) સેન્ટ સ્ટીફન્સ કોલેજ (B) અઝીમ પ્રેમજી યુનિવર્સિટી

(C) અલ્લાગપ્પા યુનિવર્સિટી (D) અલ્હાબાદ યુનિવર્સિટી

**(B)**



## દિવસ મહિમા : 23 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ (International Day of Sign Languges)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બધિર લોકો માટે સાંકેતિક ભાષાના મહત્વ અંગે જાગૃતિ કેળવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 19 ડિસેમ્બર, 2017ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- બધિર લોકો માટેના 'World Fedaration of the Deaf' (WED)ની સ્થાપના 23 સપ્ટેમ્બર, 1951ના રોજ થઈ હતી.





- આથી, આ દિવસની યાદમાં 23 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ 2023ની થીમ 'A World Where Deaf People Everywhere can sign Anywhere' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓમકારેશ્વરમાં આદિ શંકરાચાર્યની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ

મધ્યપ્રદેશના ખંડવા જિલ્લાના ઓમકારેશ્વર ખાતે આદરણીય હિન્દુ સંત આદિ શંકરાચાર્યની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે.

- સ્ટેચ્યુ ઓફ વનનેસ તરીકે ઓળખાતી આ દિવ્ય અને ભવ્ય પ્રતિમાનું અનાવરણ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે કર્યુ હતું.



- આ મંગલ તિલક કાર્યક્રમમાં પાંચ હજાર કરતા પણ વધારે સંત–મહંતો હાજર રહ્યા હતા.
- કેરળની પરંપરાગત પદ્ધતિઓ અનુસાર શ્રી શિવરાજસિંહે સાધુ–સંતોનું સ્વાગત કર્યુ હતું.
- આ આદિ શંકરાચાર્યની પ્રતિમામાં 12 વર્ષના આચાર્ય શંકરની ઝલક જોવા મળી રહી છે.

## સ્ટેચ્યુ ઓફ વનનેસ

ઓમકારેશ્વરમાં સ્થાપિત આદિ શંકરાચાર્યની પ્રતિમાની ઊંચાઈ 108 ફૂટ છે.

- આ પ્રતિમાને 'સ્ટેચ્યુ ઓફ વનનેસ' અથવા 'એકાતમાતા કી પ્રતિમા' નામ આપવામાં આવ્યું છે.
- આ પ્રતિમાના નિર્માણની જાહેરાત શ્રી શિવરાજસિંહ ચૌહાણ દ્વારા 2017માં કરવામાં આવી હતી.
- પ્રતિમા બનાવવા માટે ધાતુ 23,000 થી વધુ ગ્રામ પંચાયતોના લોકો પાસેથી એકત્ર કરવામાં આવી હતી.
- લાર્સન એન્ડ ટુબ્રોને સ્ટેચ્યુ ઓફ વનનેસ બનાવવા માટે એન્જિનિયરિંગ પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (EPC) કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.
- આ પ્રતિમા 500 વર્ષથી વધુ સમય સુધી ટકી રહેવા માટે રચાયેલ છે.
- મલ્ટિ–મેટલ આદિ શંકરાચાર્યની પ્રતિમા નર્મદા નદી તરફ મુખ રાખીને માંધાતા પર્વત ટેકરી પર સ્થાપિત છે.
- આ પ્રતિમા 54 ફીટની શિલા ઉપર ઊભી છે, જેને 27 ફીટ કમળની પાંખડીનો આધાર છે જે લાલ પથ્થરથી બનેલો છે.
- આ પ્રતિમાનું વજન 100 ટન છે અને 75 ફૂટ ઊંચા પ્લેટફોર્મ પર સ્થાપિત કરવામાં આવી છે.
- પ્રતિમાની કલ્પના ભારતીય શિલ્પકારો અને એન્જિનિયરોની ટીમ દ્વારા કરવામાં આવી હતી, જેમાં ચીનના નાનચાંગ શહેરમાં મેટલ કાસ્ટિંગ કરવામાં આવ્યું હતું.
- પ્રતિમા મુખ્યત્વે કાંસાની બનેલી છે, જેમાં 88% તાંબુ, 4% જસત અને 8% ટીન છે.
- પ્રતિમાના પાયામાં શકર સ્તંભ છે, જેમાં લાકડાના ગુંબજ અને પથ્થરના સ્તંભો છે. જેમાં આચાર્ય શંકર સંબંધિત 32 વાર્તાઓ દર્શાવવામાં આવી છે.
- નોંધનીય છે કે શિલ્પકાર ભગવાન રામપુરે અને ચિત્રકાર વાસુદેવ કામથના માર્ગદર્શન હેઠળ ડિઝાઈન અને કોતરવામાં આવ્યું હતું.
- પ્રતિમા સાથે એકાત્મ ધામ છે, જેમાં અદ્વૈત લોક સંગ્રાહલયનો સમાવેશ થાય છે.

નોંધ : (1) ઓમકારેશ્વર ભગવાન શિવના 12 જ્યોતિર્લિંગમાનું એક છે. જે મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા જિલ્લામાં આવેલ છે.

(2) નર્મદા નદી અહીં માંધાતા ટેકરીને આસપાસ ઓમના રૂપમાં વહે છે, આથી તેને ઓમકારેશ્વર નામ આપવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આદિ શંકરાચાર્ય

આદિ શંકરાચાર્યનો જન્મ કેરળના કોચી નજીક કલાદી નામના ગામમાં થયો હતો.

- તેમની માતાનું નામ આર્યઅંબા અને પિતા શિવગુરુ હતા.
- તેમના ગુરુ ગોવિન્દ યોગી હતા. તેમણે આદિ શંકરાચાર્યને 'પરમહંસ'ની ઉપાધી આપી હતી.
- તેમણે અદ્વૈતવાદનો સિદ્ધાંત રજૂ કર્યો હતો. તથા મહાભાષ્યની રચના કરી હતી.
- શંકરાચાર્યએ ભારતમાં ધર્મની એકતા માટે ભારતના ચાર ભાગોમાં ચાર મઠની સ્થાપના કરી હતી.
- શંકરાચાર્યને હિંદુ ધર્મના પુનઃસ્થાપક કહેવામાં આવે છે.

### શંકરાચાર્યના ચાર મઠ

| મઠ | સ્થાન |
|---|---|
| જ્યોતિ મઠ | બદ્રીકાશ્રમ (ઉત્તર ભારત) |
| વેદાંત મઠ | શ્રુંગેરી (દક્ષિણ ભારત) |
| ગોવર્ધન મઠ | જગન્નાથ પુરી (પૂર્વ ભારત) |
| શારદા મઠ | દ્વારકા (પશ્ચિમ ભારત) |



1. 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર **(C)**

2. તાજેતરમાં નીચેના પૈકી કયા સ્થળે આદિ શંકરાચાર્યની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે ?

(A) પુણે, મહારાષ્ટ્ર (B) નાથદ્વારા, રાજસ્થાન

(C) સિલીગુડી, પશ્ચિમ બંગાળ (D) ઓમકારેશ્વર, મધ્યપ્રદેશ **(D)**

3. તાજેતરમાં મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ખાતે આદિ શંકરાચાર્યની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રતિમા વિશે નીચેના વિધાનો ધ્યાને લો :

1. આ પ્રતિમાને 'સ્ટેચ્યુ ઓફ વનનેસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. આ પ્રતિમાનું વજન 100 ટન છે અને 75 ફૂટ ઊંચા પ્લેટફોર્મ પર સ્થાપિત કરવામાં આવી છે.
3. આ પ્રતિમાના શિલ્પકાર શ્રી બિમલ પટેલ છે.

ઉપરોક્તમાંથી કયું/કયા વિધાન સાચા છે ?

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(C)**

4. આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત 'શારદા મઠ' કયા સ્થળે આવેલ છે ?

(A) ઉજ્જૈન (B) દ્વારકા (C) શ્રૃંગેરી (D) જગન્નાથ પુરી **(B)**

5. આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત 'ગોવર્ધન મઠ' કયા સ્થળે આવેલ છે ?

(A) બદ્રીકા શ્રમ (B) શ્રૃંગેરી

(C) જગ્ગનાથ પુરી (D) રામેશ્વરમ **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **રાજ્યના 14 જિલ્લાના ખેડૂતોને 10 કલાક વીજળી અપાશે**

રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. તથા ખેડૂતોના ઊભા પાકને બચાવવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતોના ઊભા પાકને બચાવવા માટે રાજ્ય સરકારે ખેડૂતોને પાવર અને પાણી આપવાનો મહત્ત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. રાજ્યના 14 જિલ્લાઓમાં ખેડૂતોના પાક બચાવવા 8 કલાકને બદલે 10 કલાક વીજળી આપવામાં આવશે જેનો તાત્કાલિક ધોરણે અમલ કરવામાં આવશે. આ નિર્ણયથી રાજ્યના અંદાજે કુલ 20.28 લાખ ખેતી વીજ જોડાણ ધરાવતા ખેડૂતોમાંથી 14 જિલ્લાના અંદાજે 12 લાખ જેટલા ખેતી વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને લાભ થશે.

➤ **MSME ઉદ્યોગોને વિકાસ માટે પાંચ રિજનલ કાઉન્સિલની સ્થાપના**

રાજ્યના MSME ઉદ્યોગકારોને તેમના વિલંબિત ચૂકવણીની અરજીઓનો ઝડપથી નિકાલ થાય એ માટે રાજ્યમાં પાંચ રિજનલ કચેરીઓની સ્થાપના કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા MSME એક્ટ અંતર્ગત ગુજરાત રાજ્યમાં MSEFC ગાંધીનગર ખાતે કાર્યરત કરવામાં આવી છે અને MSME માટે રાજ્યની તમામ વિલંબિત ચૂકવણીની અરજીઓનું નિરાકરણ ગાંધીનગર ખાતેથી કરવામાં આવતું હતું. પરંતુ રાજ્યના MSME ઉદ્યોગકારોને વધુ સરળતાથી અને ઝડપથી તેમની વિલંબિત ચૂકવણીની અરજીઓનું નિરાકરણ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પાંચ રિજનલમાં એટલે કે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરમાં રિજનલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC)**

વિશ્વની પાંચમી સૌથી મોટી ફૂડ કંપની ક્રાફ્ટ હેઈન્ઝએ ગુજરાતમાં કંપનીના પ્રથમ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC)નો અમદાવાદ ખાતે પ્રારંભ કર્યો છે. તેમજ આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં 1800થી વધુ વ્યવસાયિકોની ભરતી કરવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર ગુજરાતમાં કામગીરીના વિસ્તરણ માટે MoU પર હસ્તાક્ષર કર્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉદ્યોગ મંત્રી શ્રી બળવંત સિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં ક્રાફ્ટ હેઈન્ઝ કંપનીના ગ્લોબલ બિઝનેસ સર્વિસીસના વડા શ્રી સર્જ ડી વોસ તથા વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સચિવ શ્રી વિજય નેહરા વચ્ચે ગાંધીનગરમાં MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ક્રાફ્ટ હેઈન્ઝનું આ પ્રથમ ગ્લોબલ કેપિબિલિટી સેન્ટર છે, જેનો પ્રારંભ ગુજરાતમાં થયો છે. નોંધનીય છે કે ક્રાફ્ટ હેઈન્ઝ કંપનીનું ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC) એ એક સમર્પિત સુવિધા છે. જે IT, ફાઈનાન્સ, GBS, સપ્લાય ચેઈન વગેરે જેવા ચોક્કસ વ્યવસાયિક કાર્યોને કેન્દ્રિય અને વધારવા માટે સ્થાપિત કરવામાં આવી છે.

## ભારત

➤ **UPAg પોર્ટલ**



ભારત સરકારે યુનિફાઈડ પોર્ટલ ફોર એગ્રીકલ્ચરલ સ્ટેટિસ્ટિક્સ (UPAg) રજૂ કર્યુ છે, જે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા વિકસિત એક ઓનલાઈન પ્લેટફોર્મ છે. કૃષિ ડેટા મેનેજમેન્ટમાં તેને નોંધપાત્ર છલાંગ ગણવામાં આવી રહી છે. UPAg પોર્ટલનો હેતુ સાર્વજનિક સંસાધન તરીકે સેવા આપવાનો છે જે વપરાશકર્તાઓ માટે શોધ ખર્ચ અને બિનકાર્યક્ષમતા ઘટાડીને વિશ્વસનીય, વિગતવાર અને ઉદ્દેશ્યની ડેટાની એક્સેસને સુવ્યવસ્થિત કરે છે. UPAg પોર્ટલનું મુખ્ય કાર્ય પાકના અંદાજો જનરેટ કરવાનું અને અન્ય કૃષિ–સંબંધિત આંકડાકીય પ્રણાલીઓ સાથે સંકલન કરવાનું છે. તેનો ઉદ્દેશ્ય બિન–પ્રમાણભૂત અને ચકાસાયેલ ડેટા જેવા પડકારોનો સામનો કરવાનો છે, જે આખરે ભારતના કૃષિ ક્ષેત્રમાં ડેટા આધારિત નિર્ણય લેવાને સમર્થન આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**➤ સ્કિલ ઈન્ડિયા ડિજિટલ (SID)**

તાજેતરમાં કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રીશ્રીએ સ્કિલ ઈન્ડિયા ડિજિટલ (SID) લોન્ચ કર્યુ હતું. આ વ્યાપક ડિજિટલ પ્લેટફોર્મ દરેક ભારતીયને ગુણવત્તાયુક્ત કૌશલ્ય વિકાસ, સંબંધિત તકો અને ઉદ્યોગસાહિસકતા સહાય પૂરી પાડવાનો પ્રયાસ કરે છે. ભારતમાં કૌશલ્ય, શિક્ષણ રોજગાર અને ઉદ્યોગસાહસિકતા માટે સ્કિલ ઈન્ડિયા ડિજિટલ (SID)ની કલ્પના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) તરીકે કરવામાં આવી છે. તેનો હેતુ વિવિધ કૌશલ્ય પહેલને એકસાથે લાવવા અને DPI બનાવવા માટે G20 ફ્રેમવર્કના સિદ્ધાંતોને અનુરૂપ કૌશલ્ય વિકાસ માટે સીમલેસ ઈકોસિસ્ટમ બનાવવાનો છે. તે વ્યાપક કૌશલ્ય વિકાસને સુનિશ્ચિત કરીને ઉદ્યોગ–સંબંધિત કૌશલ્ય અભ્યાસક્રમો, રોજગારીની તકો અને ઉદ્યોગસાહસિકતા સહાય પૂરી પાડે છે.

**➤ સ્વાવલંબન 2023 સેમિનાર**




ભારતીય નૌકાદળ 4-5 ઓક્ટોબર, 2023ના રોજ નેવલ ઈનોવેશન એન્ડ ઈન્ડિજનાઈઝેશન સેમિનાર 'સ્વાવલંબન 2023'ની બીજી આવૃત્તિનું આયોજન કરશે. આ સેમિનાર જુલાઈ 2022માં આયોજિત ઉદ્દઘાટન આવૃત્તિને અનુસરે છે, જ્યાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્પ્રિન્ટ' લોન્ચ કરી હતી. સ્વાવલંબન 2023 સેમિનારનો ઉદ્દેશ્ય ભારતીય નૌકાદળમાં ઉપયોગ માટે સ્ટાર્ટઅપ્સ અને MSME દ્વારા વિકસિત સ્વદેશી નવીનતાઓ અને તકનીકોને પ્રદર્શિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે. સ્પ્રિન્ટ (SPRINT) એ સંરક્ષણ શ્રેષ્ઠતા માટે નવીનતાઓ દ્વારા સંશોધન અને વિકાસમાં ધ્રુવ–વોલ્ટિંગને સમર્થન આપવા માટે વપરાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**➤ ભારતે તેની G20 અધ્યક્ષતા પર 'પીપલ્સ G20' ઈ-બૂકનું અનાવરણ કર્યુ**

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવે નવી દિલ્હીમાં ભારતના G20 અધ્યક્ષતાને હાઈલેટ કરતી 'પીપલ્સ G20' ઈ–બૂકનું અનાવરણ કર્યુ હતું. આ ઈ–બૂક ભારતના G20 પ્રેસિડેન્સીની વ્યાપક ઝાંખી પૂરી પાડે છે. જેમાં ત્રણ ભાગોનો સમાવેશ થાય છે. પ્રથમ ભાગમાં સપ્ટેમ્બર 2023માં યોજાયેલ G20 સમિટને આવરી લેવામાં આવી છે, જેમાં ભારતના અધ્યક્ષ પદ દરમિયાન G20ની રચના અને પહેલને સમજાવવામાં આવી છે. બીજા ભાગમાં ભારતીય અધ્યક્ષતા હેઠળ વર્ષ દરમિયાન સમગ્ર ભારતમાં યોજાયેલી જૂથની બેઠકો તેમજ શેરપા અને ફાઈનાન્સ ટ્રેક હેઠળ વિવિધ કાર્યકારી જૂથો દ્વારા યોજાયેલી બેઠકનો સારાંશ આપ્યો છે. જ્યારે અંતિમ અને ત્રીજા ભાગમાં જન–ભાગીદારી ઈવેન્ટ્સ દર્શાવતો ફોટો નિબંધ સામેલ છે.

## વિશ્વ

➤ **નોબેલ પુરસ્કાર વિજેતાઓ માટે પ્રાઈઝ મનીમાં વધારો**

નોબેલ પારિતોષિકોના વહીવટ માટે જવાબદાર નોબેલ ફાઉન્ડેશને જાહેરાત કરી છે કે આ વર્ષના નોબેલ વિજેતાઓને 1 મિલિયન સ્વીડિશ ક્રાઉન મળશે, જે કુલ નાણાકીય પુરસ્કાર 11 મિલિયન સ્વીડિશ ક્રાઉન (લગભગ 986,000 ડોલર) સુધી પહોંચાડશે. ઈનામની રકમ વધારવાના નિર્ણયનો હેતુ તેને ફાઉન્ડેશનની સુધારેલી નાણાકીય સ્થિતિ સાથે સંરેખિત કરવાનો છે. 2012માં નાણાકીય કારણોસર ઈનામ ભંડોળ 10 મિલિયન ક્રાઉનથી ઘટાડી 8 મિલિયન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ 2017માં આ રકમ વધારીને 9 મિલિયન અને 2020માં વધારીને 10 મિલિયન કરવામાં આવી હતી.

➤ **જાપાનની 10% થી વધુ વસતી હવે 80 કે તેથી વધુ વયની**

આંતરિક બાબતો અને સંદેશાવ્યવહાર મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર જાપાનની વસતી વિષયક કટોકટી વધુ ઊંડી બની છે. કારણ કે 10%થી વધુ વસતી હવે 80 વર્ષ કે તેથી વધુ વયની છે. જાપાન 1.3ના પ્રજનન દર સાથે ઘટતી વસતીનો સામનો કરી રહ્યું છે, જે ટકાઉપણુ માટે જરૂરી 2.1 કરતા પણ નીચે છે. એક દાયકા કરતા વધુ સમયથી મૃત્યુની સંખ્યા જન્મો કરતા વધી ગઈ છે, જે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા માટે પડકારો ઊભા કરે છે.

➤ **ધ જેન્ડર સ્નેપશોટ 2023 રિપોર્ટ : UN**

યુનાઈટેડ નેશન્સે એક અહેવાલ બહાર પાડયો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે યુનાઈટેડ નેશન્સ દ્વારા નક્કી કરવામાં આવેલ 2030 સુધીમાં લિંગ સમાનતા હાંસલ કરવાનો ધ્યેય સ્વાસ્થ્ય, શિક્ષણ, રોજગાર અને રાજકારણ જેવા વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ સામેના ઊંડા મૂળના પૂર્વગ્રહને કારણે સાકાર થવાની શકયતા નથી. 'ધ જેન્ડર સ્નેપશોટ 2023' શીર્ષક ધરાવતા અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે લિંગ સમાનતા અને ક્રોનિક અંડર–ઈન્વેસ્ટમેન્ટ સામે સક્રિય પ્રતિકાર એ મુખ્ય પરિબળો છે જે પ્રગતિને ધીમુ કરે છે અને કેટલાક કિસ્સાઓમાં ઉલટફેરનું કારણ બને છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આજે દસમાંથી એક મહિલા અથવા 10.3% અત્યંત ગરીબીમાં જીવે છે, જેને પ્રતિ દિવસ 2.15 ડોલર કરતા પણ ઓછા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

# QUESTION OF THIS WEEK

1. વિશ્વનો પ્રથમ નેનો DAP (પ્રવાહી) પ્લાન્ટ કયાં નિર્માણ પામશે ? – કંડલા

2. વિદેશી પ્રવાસીઓની મુલાકાતની દષ્ટિએ કયા રાજ્યએ ભારતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે ? – ગુજરાત

3. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે તેની પ્રથમ 'ઈન્વેસ્ટમેન્ટ ફોરમ 2023'નું આયોજન કર્યુ હતું ?
– સાઉદી અરેબિયા

4. કયું રાજ્ય કલાઈગ્નાર મગાલીર ઉરીમાઈ થોગાઈ (મહિલાની મૂળભૂત આવક) યોજના લાગુ કરે છે ? – તમિલનાડુ

5. કઈ સંસ્થાએ ફેફસા અને સર્વાઈકલ કેન્સરની વહેલી શોધ અને સારવાર માટે નવો અભિગમ વિકસાવ્યો છે ?
– IIS બેંગ્લુરુ

6. કયું શહેર 'વર્કશોપ ઓન બિઝનેસ રિસ્પોન્સિબિલિટી એન્ડ સસ્ટેનેબિલિટી રિપોર્ટિંગ (BRSR)નું યજમાન છે ?
– મુંબઈ

7. કયા દિવસના રોજ ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)એ તમામ દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 'આંતરરાષ્ટ્રીય કોસ્ટલ ક્લીનઅપ (ICC) દિવસ, 2023'ની ઉજવણી કરી હતી ? – 16 સપ્ટેમ્બર

8. લદ્દાખની આર્મી હોસ્પિટલના સર્જન.........પેરા કમાન્ડો બનનાર પ્રથમ મહિલા બન્યા છે. – ડો. પાયલ છાબરા
(હરિયાણાના ડો. પાયલ છાબરાએ સશસ્ત્ર દળ ચિકિત્સા સેવામાં ડો. તરીકે સેવા આપતા પેરા કમાન્ડોની કઠિન પરીક્ષા પાસ કરીને કમાન્ડો બનવાનું ગૌરવ હાંસલ કર્યુ છે.)

9. તાજેતરમાં ઈન્ડિયા ક્લબને કાયમી ધોરણે બંધ કરવામાં આવ્યું છે. તે કયા શહેરમાં સ્થિત હતું ? – લંડન

10. નિપાહ વાયરસના ચેપના કારણે કયા રાજ્યમાં તાજેતરમાં મૃત્યુ નોંધાયા છે ? – કેરળ

11. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કઈ યોજના હેઠળ છત્તીસગઢમાં 'ક્રિટીકલ કેર બ્લોક'નો શિલાન્યાસ કર્યો હતો ?
– PM - ABHIM

12. તાજેતરમાં કયા રાજ્યએ કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે 'મોબાઈલ વેન' પ્રોગ્રામ શરૂ કર્યો છે ?
– હિમાચલ પ્રદેશ

13. ................ દ્વારા 18 સપ્ટેમ્બર, 2023ના રોજ પશ્ચિમ કિનારે 'ઓપરેશન સજગ' હાથ ધરવામાં આવ્યું હતું ?
– ભારતીય કોસ્ટગાર્ડ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. ભારતીય કોસ્ટ ગાર્ડ શિપ................11 સપ્ટેમ્બરથી 14 ઓક્ટોબર 2023 સુધી આસિયાન દેશોમાં તૈનાત કરવામાં આવશે. – સમુદ્ર પ્રહરી

15. તાજેતરમાં મલેશિયા–ઈન્ડિયા કમિટી ઓન ડિફેન્સ કોઓપરેશન (MIDCOM)ની 12મી બેઠક 19 સપ્ટેમ્બર, 2023ના રોજ ક્યાં યોજાઈ હતી ? – નવી દિલ્હી

16. તાજેતરમાં..........નામની એક નવી ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે. જે લિથિયમના નિષ્કર્ષણને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરશે. – સ્ટ્રિંગ

17. કયા રાજ્યમાં ડાઉનસ્ટ્રીમ પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ અને રિફાઈનરી વિસ્તરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો ? – મધ્યપ્રદેશ

(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મધ્યપ્રદેશમાં BPCLની બીના રિફાઈનરીમાં ડાઉનસ્ટ્રીમ પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ અને રિફાઈનરી વિસ્તરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.)

18. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે સ્વચ્છતા વિશેષ અભિયાન 3.0 પોર્ટલ શરૂ કર્યું છે ?

– કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય

19. ચોથી G20 સસ્ટેનેબલ ફાઈનાન્સ વર્કિંગ ગ્રુપ મીટિંગનું યજમાન કયું શહેર છે ? – વારાણસી

20. ભારતમાં નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી (NLP) ક્યારે શરૂ કરવામાં આવી હતી ? – 2022

21. ................રાજ્યને ICMR દ્વારા નિપાહના નિદાન માટે ટ્રુનાર ટેસ્ટનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. – કેરળ

22. ચીનમાં હાથ ધરવામાં આવેલ એક અભ્યાસ દર્શાવે છે કે ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મમાં............નો ઉપયોગ કરવાની પર્યાવરણ પર સકારાત્મક અસર પડે છે. – ગ્રીન નજ

23. ડાયમંડ લીગમાં............મીટરના થ્રો સાથે શ્રી નીરજ ચોપરાને સિલ્વર મેડલ મળ્યો છે. – 83.80

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

24. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં કયા સ્થળે ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશન આયોજિત ગુજરાત કોનેક્સ 2023નો પ્રારંભ કરાવ્યો હતો ? – ગાંધીનગર

25. 'નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ' (NJDG) કયા દેશ સાથે સંબંધિત છે ? – ભારત

(સુપ્રીમ કોર્ટમાં નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ પર તેના કેસનો ડેટા સામેલ છે. NJDG પોર્ટલ દેશભરની અદાલતો દ્વારા શરૂ કરાયેલા, પડતર અને નિકાલ કરાયેલા કેસો સંબંધિત રાષ્ટ્રીય ભંડાર છે.)

26. કઈ તારીખથી દેશમાં નોંધાયેલા તમામ જન્મ અને મૃત્યુની નોંધણી કેન્દ્રના પોર્ટલ પર ડિજિટલ રીતે કરવામાં આવશે ? – 1 ઓક્ટોબર, 2023

27. રાજ્યમાં રોકાણ આકર્ષવા અને સ્ટેનલેસ સ્ટીલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કયા રાજ્યએ સબસિડી યોજના શરૂ કરી છે ? – ઓડિશા

28. ભારતમાં બુદ્ધ ઈન્ટરનેશનલ સર્કિટ રેસટ્રેક કયાં આવેલી છે ? – ગ્રેટર નોઈડા

29. વનો પર સહયોગી ભાગીદારી (CPF)ને લઈને FAOની અધ્યક્ષતામાં 16 ગ્લોબલ સંગઠનો વર્ષ...........સુધી વનો માટે કાર્યવાહીનું સંયુક્ત આહવાન કર્યુ છે. – 2030

30. કઈ સંસ્થાએ 75 વર્ષથી વધુ વયના કલાકારો માટે વિશેષ પુરસ્કારની જાહેરાત કરી હતી ?– સંગીત નાટક અકાદમી

31. તમિલનાડુ પછી કયા ભારતીય રાજ્યએ વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં મફત નાસ્તો યોજના શરૂ કરી છે ? – તેલંગાણા

32. તાજેતરના સંશોધન મુજબ 2019માં વૈશ્વિક સ્તરે 5.5 મિલિયન હૃદય રોગના મૃત્યુ કયા તત્ત્વના સંપર્કમાં હતા ? – લીડ

33. તાજેતરમાં કયા રાજ્યએ 'ગૃહ આધાર' અને 'ચાવથ એ બજાર' પહેલ શરૂ કરી છે ? – ગોવા

34. કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે કયા રાજ્યએ 'મોબાઈલ વેન પ્રોગ્રામ' શરૂ કર્યો છે ? – હિમાચલ પ્રદેશ


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# 50% BIG DISCOUNT

INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here





Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here




Click Here





Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

# 50% BIG DISCOUNT

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS




Click Here




Click Here




Click Here





Click Here





Click Here




Click Here





Click Here




Click Here




Click Here




Click Here

આ ઓફર માત્ર 10 ઓગસ્ટ, 2023 સુધી જ ( કુરિયર ચાર્જ અલગથી )

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

## સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT